**આજનો સુવિચાર**

દયા કરવી એટલે ઉંચે જવું પરંતુ દયાપાત્ર બનવું એટલે પોતાના તેજને ઓછું કરવું

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૬૨ જૂનાગઢ તા.૨૮-૨-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં આતંકવાદનાં સફાયા માટે કેન્દ્ર સરકારનાં શ્રેણીબધ્ધ પગલા

# દેશમાંથી આતંકવાદીઓને ઉખેડી નાખવાની કાર્યવાહીની સર્વત્ર સરાહના



વોશિંગ્ટન,તા. ૨૮: વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં દેશમાંથી આતંકવાદીઓને જડમૂળથી ઉખેડી નાખવાની કેન્દ્ર સરકારની કાર્યવાહીની હવે વૈશ્વિક સ્તરે પ્રશંસા થઈ રહી છે. અમેરિકાના એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે કેવી રીતે ભારત સરકારે આતંકવાદીઓને ખતમ કરવા માટે જરૂરી પ્રયાસો કર્યા છે.

ભારત આતંકવાદથી પ્રભાવિત દેશ છે. સમયાંતરે ભારતના અલગ-અલગ શહેરોમાં આતંકવાદી ઘટનાઓને અંજામ આપવામાં આવ્યો હતો, પરંતુ આ બધાની વચ્ચે પણ ભારત હવે આતંકવાદી હુમલાઓ અને આતંકવાદી સંગઠનોના ઓપરેશનને શોધીને તેનો નાશ કરવામાં સક્ષમ છે. ભારતે આ ક્ષેત્રમાં પ્રશંસનીય કામ કર્યું છે. યુએસ બ્યુરો ઓફ કાઉન્ટર ટેરરિઝમના 'કંટ્રી રિપોર્ટ્સ ઓન ટેરરિઝમ ૨૦૨૧: ઈન્ડિયા' અનુસાર, ભારત સરકારે આતંકવાદને ડામવા માટે જરૂરી પ્રયાસો કર્યા છે.

ભારતે આતંકવાદ અને આતંકવાદી સંગઠનો સામે લડવા માટે અનેક પગલાં લીધા છે. જેમાં આતંકવાદ વિરોધી કાયદાને મજબૂત કરવાનો સમાવેશ થાય છે. આતંકવાદ સાથે વધુ અસરકારક રીતે સામનો કરવા માટે ભારતે તેના આતંકવાદ વિરોધી કાયદાને મજબૂત બનાવ્યા છે.

ગેરકાનૂની પ્રવૃતિઓ નિવારણ અધિનિયમ (UAPA), ૧૯૬૭ ૨૦૧૯માં સંશોધિત ભારત સરકારે આતંકવાદી ગતિવિધિઓને શોધી કાઢવા અને અટકાવવા માટે તેની ગુપ્ત માહિતી એકત્ર કરવાની ક્ષમતામાં વધારો કર્યો છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ની રચના આતંકવાદ સંબંધિત કેસોની તપાસ અને કાર્યવાહી કરવા માટે કરવામાં આવી છે. અન્ય દેશો સાથે સહયોગ ભારતે આતંકવાદનો સામનો કરવા માટે અન્ય દેશો સાથે સહયોગ વધાર્યો છે. ભારતે ઘણા દેશો સાથે પ્રત્યાર્પણ સંધિઓ પર હસ્તાક્ષર કર્યા છે અને અન્ય દેશો સાથે ગુપ્ત માહિતી અને માહિતી વહેંચે છે.

સરહદની સુરક્ષા મજબૂત બની ભારતે આતંકવાદીઓને દેશમાં ઘૂસતા રોકવા માટે તેની સરહદની સુરક્ષાને વધુ મજબૂત કરવા પગલાં લીધાં છે. સરકારે સરહદી ચોકીઓની સંખ્યામાં વધારો કર્યો છે, વધારાના જવાનો તૈનાત કર્યા છે અને સર્વેલન્સ સાધનો સ્થાપિત કર્યા છે. ભારતે આતંકવાદી સંગઠનોના ફંડિંગમાં ઘટાડો કરવા માટે પગલાં લીધાં છે. સરકારે આતંકવાદને નાણાં પૂરા પાડવાની શંકા ધરાવતી વ્યકતિઓ અને સંસ્થાઓની સંપત્તિઓ ફ્રીઝ કરી દીધી છે.

## રશિયાના વિપક્ષી નેતાનો દાવો, ઝેલેંસ્કીએ કહ્યું- રશિયાના રાષ્ટ્રપતિને તેમના નજીકના લોકો જ મારી નાખશે



મોસ્કો તા. ૨૮ : યુક્રેનના રાષ્ટ્રપિત વોલોડિમિર ઝેલેંસ્કીએ કહ્યું કે વ્લાદિમીર પુતિનને તેમના નજીકના જ લોકો એક દિવસ મારી નાખશે. ઝેલેંસ્કીનું આ નિવેદન રશિયા-યુક્રેન યુદ્ધ ઉપર બનેલી એક ડોક્યુમેન્ટ્રીમાં છે. જેનું નામ 'ઈયર' છે. ન્યૂઝવીક મેગેઝિનમાં આ ડોક્યુમેન્ટ્રીની જાણકારી આપવામાં આવી છે. રશિયા અને યુક્રેન યુદ્ધ ગયા વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ શરૂ થયું હતું. આ દિવસે રશિયાએ યુક્રેન ઉપર હુમલો કર્યો હતો. બંને જ દેશ પોત-પોતાની જીત અંગે દાવો કરી રહ્યા છે. હાલમાં જ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન ઝેલેંસ્કીને મદદનો વિશ્વાસ અપાવવા માટે કીવ પહોંચ્યા હતાં. 'ન્યૂઝવીક' મેગેઝિનના જણાવ્યા પ્રમાણે આ ડોક્યુમેન્ટ્રીમાં ઝેલેંસ્કી કહે છે- તે દિવસ દૂર નથી, જ્યારે પુતિનના નજીકના જ લોકો તેમના વિરૂદ્ધ કામ કરવા લાગશે. રશિયામાં તેમના વિરૂદ્ધ અવાજ ઉઠાવશે. આ જ તે તક હશે જ્યારે પુતિનના જ કોઈ નજીકના વ્યક્તિ તેમનું મર્ડર કરી દેશે. તેમણે મારા શબ્દો યાદ રાખવા જોઈએ. જોકે, આ દિવસ ક્યારે આવશે? હું આ અંગે કશું જ કહી શકતો નથી. ઝેલેંસ્કીનું આ નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે થોડાં મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પુતિનના નજીકના લોકો જ યુક્રેન અને દેશની અન્ય નીતિઓથી ખુશ નથી. તેમની નિરાશા યુક્રેન યુદ્ધને હજુ વધારે લાંબુ કરવાથી વધતી જઈ રહી છે.

## રાજ્યના ૮૦ લાખ ડિમેટધારકનું શેરબજારમાં રોકાણ બંધ



### LIC, અદાણી ગ્રુપ, SBI કાર્ડ્સ, Paytm, નાયકા, ઝોમેટોમાં રોકાણકારોની મૂડી ફસાઈ

અમદાવાદ તા. ૨૮ વૈશ્વિક સ્તરે મોંઘવારી, વ્યાજદર વધારો, જિયો પોલિટિકલ ઈસ્યુને કારણે ઈક્વિટી માર્કેટમાં છેલ્લા એકાદ વર્ષથી નિરાશા જોવા મળી છે. શેરમાર્કેટમાં વોલ્યુમ સતત ઘટવા લાગ્યાં છે તેમજ રોકાણકારો બજારથી દૂર થવા લાગ્યા છે. ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં નવા ૧૯ લાખ ડિમેટ એકાઉન્ટ્સ ખૂલી કુલ ૧.૨૬ કરોડ રોકાણકારો થઈ ચૂક્યા છે, પરંતુ એમાં ૬૫ ટકા ડિમેટધારકો રોકાણ કરવાથી બચ્યા છે. રિસ્ક એ જ રિટર્ન એવું કહેનારા રોકાણકારો બજારથી દૂર થવા લાગ્યા છે. એલઆઈસી, અદાણી ગ્રુપ, એસબીઆઈ કાર્ડ્સ, પેટીએમ, નાયકા, ઝોમેટોમાં રોકાણકારોની મૂડી ફસાઈ ગઈ છે. શેરબજારમાં વધતી જતી અસ્થિરતાની સીધી અસર રિટેઈલ રોકાણકારોની હિસ્સેદારી પર જોવા મળી રહી છે. સ્થાનિક બજારોમાં વ્યક્તિગત રોકાણકારોનો હિસ્સો ગયા મહિને ઘટીને ત્રણ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. દરમિયાન એનએસઈ પર સક્રિય ટ્રેડર્સની સંખ્યામાં પણ સતત આઠમા મહિને ઘટાડો થયો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ ના અહેવાલ અનુસાર, બિનસંસ્થાકીય રોકાણકારોએ જાન્યુઆરીમાં કેશ માર્કેટમાં દરરોજ સરેરાશ ૨૨૮૨૯ કરોડનાં ટ્રાન્ઝેક્શન કર્યા હતા, જે માર્ચ ૨૦૨૦ પછી આ સૌથી નીચો સ્તર છે. ફેબ્રુઆરી ૨૦૨૧ના રૂ.૫૮૪૦૯ કરોડની ટોચ કરતાં ૬૧% ઓછો છે. ત્યારથી કુલ ટ્રાન્ઝેક્શનમાં રિટેલ રોકાણકારોનો હિસ્સો ૬૬%થી ઘટીને ૪૪% પર આવી ગયો છે.

## શહેરોનાં નામ બદલવા માટેનાં નામકરણ આયોગની રચનાની અરજીને સુપ્રિમ કોર્ટે ફગાવી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૮ સુપ્રીમ કોર્ટે 'વિદેશી આક્રમણકારીઓ'ના નામ પર રાખવામાં આવેલા શહેર, રસ્તા, બિલ્ડિંગ અને સંસ્થાના નામ બદલવા માટે નામકરણ આયોગની રચના કરવાની માંગ ધરાવતી જનહિત અરજીને ફગાવી દીધી છે જસ્ટિસ કેએમ જોસેફ અને બીવી નાગરત્નાની બેંચે આ જનહિત અરજી પર સવાલ ઉઠાવતા કહ્યું, ''આ તે ભૂતકાળના મુદ્દાને જીવંત કરશે, જે દેશમાં વિવાદ ઉભો કરી શકે છે. હિન્દૂ ધર્મ એક મહાન ધર્મ છે, જે કટ્ટરતાની પરવાનગી આપતુ નથી.'' સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યુ, ''તમે ભૂતકાળને પસંદગીપૂર્વક જોઈ રહ્યા છો. ભારત આજે ધર્મનિરપેક્ષ દેશ છે. તમે એક ચોક્કસ સમુદાય તરફ આંગળી ચીંધી રહ્યા છો, જેને અસંસ્કારી કહેવામાં આવે છે. શું તમે દેશને આગમાં ઝોકવા માંગો છો'' બેંચે કહ્યુ કે કોઈ દેશનો ઈતિહાસ કોઈ દેશની વર્તમાન અને આવનારી પેઢીને તે હદ સુધી પરેશાન નથી કરી શકતી કે આવનારી પેઢી ભૂતકાળની કેદી બની જાય.

## મોંઘવારી, વ્યાજદર વધારો સહિતનાં કારણે ઈકવિટી માર્કેટમાં નિરાશાનું મોજું

અમદાવાદ તા. ૨૮ : વૈશ્વિક સ્તરે મોંઘવારી, વ્યાજદર વધારો, જિયો પોલિટિકલ ઈસ્યુને કારણે ઈક્વિટી માર્કેટમાં છેલ્લા એકાદ વર્ષથી નિરાશા જોવા મળી છે. શેરમાર્કેટમાં વોલ્યુમ સતત ઘટવા લાગ્યાં છે તેમજ રોકાણકારો બજારથી દૂર થવા લાગ્યા છે. ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં નવા ૧૯ લાખ ડિમેટ એકાઉન્ટ્સ ખૂલી કુલ ૧.૨૬ કરોડ રોકાણકારો થઈ ચૂક્યા છે, પરંતુ એમાં ૬૫ ટકા ડિમેટધારકો રોકાણ કરવાથી બચ્યા છે. રિસ્ક એ જ રિટર્ન એવું કહેનારા રોકાણકારો બજારથી દૂર થવા લાગ્યા છે. એલઆઈસી, અદાણી ગ્રુપ, એસબીઆઈ કાર્ડ્સ, પેટીએમ, નાયકા, ઝોમેટોમાં રોકાણકારોની મૂડી ફસાઈ ગઈ છે. શેરબજારમાં વધતી જતી અસ્થિરતાની સીધી અસર રિટેઈલ રોકાણકારોની હિસ્સેદારી પર જોવા મળી રહી છે.

## ધો.૧ થી જ શાળાઓમાં ફરજીયાત ગુજરાતી અંગેનું વિધેયક વિધાનસભામાં રજુ

ગાંધીનગર તા. ૨૮ ગુજરાતની તમામ શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવવાનું ફરજીયાત કરતુ વિધેયક આજે વિધાનસભામાં પેશ કરવામાં આવ્યું હતું. જેમાં કાયદા-નિયમભંગ બદલ શાળાઓની માન્યતા રદ કરવા, દંડ ફટકારવા સહીતની જોગવાઈઓ કરવામાં આવી છે. જોકે વિધેયક રજુ કરાયા પૂર્વે છેલ્લી ઘડીએ અમુક મહત્વના ફેરફાર કરવામાં આવ્યા હતા. રાજયના શિક્ષણમંત્રી કુબેર ડિંડોર દ્વારા આજે રાજય વિધાનસભામાં ફરજીયાત ગુજરાતી ભાષાનાં શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક-૨૦૨૩ રજુ કરવામાં આવ્યું હતું. વિધેયકની જોગવાઈ પ્રમાણે તમામ શાળાઓમાં ધો.૧ થી ૪ ગુજરાતી ભાષા ભણાવવાનું ફરજીયાત કરતી જોગવાઈ કરવામાં આવી છે. આ નિયમનો ભંગ કરતી શાળાઓને દંડ ફટકારવાની તથા માન્યતા રદ કરવા સુધીના પગલા લેવાની જોગવાઈ કરવામાં આવી છે. લઘુમતી સહીત તમામ ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓને પણ તે લાગુ પડશે. એટલુ જ નહિં ગુજરાત કે અન્ય કોઈપણ શિક્ષણ બોર્ડ સાથે સંકળાયેલી શાળાઓને લાગુ પડશે.

આ વિધેયક તૈયાર કરવા માટે શિક્ષણ બોર્ડનાં અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ કેટલીક ભુલ રહી જતાં છેલ્લી ઘડીનાં ફેરફાર કરવામાં આવ્યા હતા. ધો.૧ થી ૪ ગુજરાતી વિષય ભણાવવાનો અમલ કરવા વિશે અસ્પષ્ટ જોગવાઈ હોવાનું ધ્યાનમાં આવતા ૧લા ધોરણથી જ અમલ કરવાની ચોખવટ કરતી જોગવાઈ સ્પષ્ટ કરવામાં આવી હતી. આ સિવાય શિક્ષણ બોર્ડ, શાળાઓ વગેરેના મુદ્દે પણ સ્પષ્ટ શબ્દોલ્લેખ કરાયા હતા. ગુજરાતમાં અનેક શાળાઓ ગુજરાતી વિષય ભણાવતી ન હોવાના મામલે વિવાદ સર્જાયો હતો અને મામલો અદાલત સુધી પણ પહોંચ્યો હતો. જેને પગલે ખુદ સરકારે જ પહેલ કરીને ગુજરાતી વિષય ફરજીયાત કરતો કાયદો ઘડીને વિધેયક આજે વિધાનસભામાં રજુ કર્યું હતું.

## ગંદકીને હાથથી ઉપાડવાની પ્રથાની નાબુદીમાં કેન્દ્રએ કેવા પગલા લીધા ? સુપ્રિમ કોર્ટ

(દિલ્હીબ્યુરો) નવી દિલ્હી તા. ૨૮ સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ગંદકીને હાથથી ઉપાડવાની પ્રથાને નાબૂદ કરવા અને આ 'અમાનવીય પ્રથા' ને રોકવાના તેના લગભગ ૧૦ વર્ષ જૂના નિર્ણયને અમલમાં મૂકવા માટે ઉઠાવવામાં આવેલા રેકોર્ડ છ સપ્તાહની અંદર અદાલત સામે રાખવામાં આવે.

ધ હિન્દૂ અનુસાર, જસ્ટિસ એસ. રવીન્દ્ર ભટના નેતૃત્વવાળી એક પીઠે હાલમાં જ આ તથ્યનું ન્યાયિક સંજ્ઞાન લીધું કે હાથથી ગંદકી ઉઠાવવી અને ગટર લાઈનોમાં ફસાયેલા લોકોના મોત એક વાસ્તવિકતા બનેલી છે, જ્યારે આ પ્રથા પર 'મેન્યુઅલ અને ડ્રાય ટોઈલેટનું આયોજન' ધ કન્સ્ટ્રક્શન (પ્રોહિબિશન) એક્ટ, ૧૯૯૩ ' અને 'હેન્ડ -હેન્ડલર્સ' પ્લાનિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો અને તેમનો પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩ 'પર અમલીકરણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે સફાઈ કર્મચારી ચળવળ અને અન્ય ફજ ભારત યુનિયનના કેસના સંબંધમાં આપવામાં આવેલા ચુકાદામાં આ પ્રતિબંધ લાદ્યો હતો અને પરંપરાગત રીતે અને અન્ય કાર્યકારી લોકોના હાથમાં સફાઈ કામદારો તરીકે પુનર્વસન કરવાનો નિર્દેશ આપ્યો હતો. ચુકાદાએ તેમના 'ન્યાય અને પરિવર્તનના સિદ્ધાંતોના આધારે પુનર્વસન' માટે હાંકલ કરી હતી. કોર્ટે આગ્રહ રાખ્યો હતો કે, ''જે લોકોને મેન્યુઅલ સ્કેવેંગિંગથી મુક્ત કરવામાં આવ્યા છે તેઓને કાયદા હેઠળ ચૂકવણીમાં અવરોધો આવવા જોઈએ નહીં.''

ન્યાયાધીશ ભટ્ટે વ્યક્તિગત રૂપે ડો. બલરામસિંહે દાખલ કરેલી અરજીની સુનાવણી કરતી વખતે ૨૦૧૪ ના નિર્ણયના પાલન માટે કેન્દ્ર દ્વારા લેવામાં આવેલા પગલાઓની વિગતો માંગી હતી.

## કાશ્મીરી પંડિતની હત્યાનો બદલો લેવાયો: બે ત્રાસવાદી ઠાર: એક જવાન શહીદ

શ્રીનગર તા. ૨૮

જમ્મુ-કાશ્મીરમાં ત્રાસવાદીઓ દ્વારા ફરી ટાર્ગેટ કિલીંગમાં એક કાશ્મીરી પંડિતની કરવામાં આવેલી હત્યાનો બદલો લેવાઈ ગયો છે અને પુલવામાં અવંતિયોગમાં સુરક્ષાદળોએ ત્રાસવાદી અડ્ડાને ઘેરી લઈને બે ત્રાસવાદીને ઠાર માર્યા હતા. અને હજુ બે થી ત્રણ ત્રાસવાદી ઘેરાયા છે. આ એન્કાઉન્ટરમાં સેનાના એક જવાનની પણ શહીદી વહોરવી પડી છે. ગઈ કાલે રાત્રીના આ એન્કાઉન્ટર શરૂ થયું હતું. જેમાં એક ત્રાસવાદીને રાત્રીના અને બીજાને વહેલી સવારે ઠાર મરાયા છે.

આ ત્રાસવાદી હાલમાં જ કાશ્મીરી પંડિત સંજય શર્માની હત્યામાં સામેલ હતા તેવું માનવામાં આવી રહ્યું છે. રવિવારે પુલવામામાં આ પંડિતની ભરબજારમાં ગોળી મારી હત્યા કરી હતી. બાદમાં સુરક્ષાદળોએ આ ઓપરેશન શરૂ કર્યુ હતું અને વધુ ત્રાસવાદીઓને ઘેરી લીધા છે.

## વલસાડની ફાર્મા કંપનીમાં ગતરાત્રે બ્લાસ્ટ થતાં ત્રણ કામદારોનાં મોત

અમદાવાદ તા. ૨૮ વલસાડના સરીગામ જીઆઈડીસીની એક કંપનીમાં બ્લાસ્ટ થતા ત્રણ કામદારોના મોત નિપજ્યા છે. વલસાડની બેન પેટ્રોકેમ એન્ડ ફાર્મા ઈન્ડિયા નામની કંપનીમાં મોડી રાતે બ્લાસ્ટ થયો હતો. પ્રચંડ બ્લાસ્ટથી કંપનીમાં આગ લાગી હતી, જેથી અફરાતફરીનો માહોલ છવાયો હતો.

બ્લાસ્ટથી કંપનીનો સ્લેબ ધરાશાયી થયો હતો. જેમાં ૩ કામદારોના મોત નિપજ્યા છે. તો ૨ કામદાર ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

વલસાડના ઉમરગામ તાલુકામાં આવેલી સરીગામ કેમિકલ ઝોન GIDCમાં વેન પેટ્રોકેમ ફાર્મા કંપનીમાં મધ્યરાત્રીએ અચાનક આગ લાગી હતી. આગ લાગતા બ્લાસ્ટ થયો હતો. કંપનીમાં અચાનક બ્લાસ્ટ થતા કંપનીનો શેડ ધરાશાયી થયો હતો. જેમાં, ૩ કામદારોના મોત થયા છે. જ્યારે અને બે કામદારોને ઈજા પહોંચી છે. આજુબાજુની કંપનીમાં અને કેમિકલ ઝોનમાં આવેલી તમામ કંપનીઓમાં બ્લાસ્ટની અસર જોવા મળી હતી.

ઘટનાને લઈને આજુબાજુની કંપનીમાંથી કામદારો તાત્કાલિક પેટ્રોકેમ ફાર્મા કંપનીમાં મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સરીગામ GIDC, દમણ, વાપી GIDC, નોટિફાઈડ સહિતની ફાયર ફાઈટરની ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. જ્યારે ૧૦૮ ટીમને જાણ થતાં ૩ ટીમો ઘટના સ્થળે દોડી આવી હતી. વલસાડના પ્રાંત અધિકારી, મામલતદાર, GPCPના અધિકારી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

## હવે ગુજરાતમાં પીએસઆઈની નોકરી કૌભાંડ બહાર આવ્યું

ગાંધીનગર તા. ૨૮ ગુજરાત કૌભાંડનું નગર બની ગયું છે. સતત વધી રહેલા પેપરકાંડ બાદ હવે નોકરીકાંડ સામે આવ્યું છે. પોલીસ ભરતી નોકરી કૌભાંડ અંગે યુવરાજસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સ કરીને પોલીસ ભરતીમાં નોકરી કૌભાંડનો સ્ફોટક ખુલાસો કર્યો છે. પીએસઆઈની ૧૬ માર્ચ, ૨૦૨૧ ની ભરતીમાં કૌભાંડ થયું હતું. ૧૩૮૨ જગ્યા માટે ભરતી થઈ હતી. ત્યારે આ ભરતીમાં ૧૦ લોકો ખોટી રીતે લાગ્યા હોવાનો યુવરાજ સિંહે આક્ષેપ લગાવ્યો છે. પોલીસ અધિકારી અને બીરસામુંડા ભવનના એક કર્મચારી થકી ખોટી રીતે યુવાન નોકરીએ લાગ્યો હતો. ત્યારે આ તપાસનો રેલો ગૃહ વિભાગ સુધી પહોંચ્યો છે.

કરાઈ તાલીમ એકેડેમીમાં બોગસ પીએસઆઈની તાલીમનો મામલો સામે આવ્યો છે. જે મામલે હવે ગૃહ વિભાગ મોટો ખુલાસો કરી શકે છે. ગૃહ વિભાગ દ્વારા છેલ્લા ૯ દિવસથી આ મામલે તપાસ ચાલી રહી છે. છેલ્લા ૯ દિવસથી રાજ્યના ગૃહ વિભાગને એક શંકાસ્પદ વ્યક્તિ ખોટી રીતે તાલીમ લઈ રહ્યો છે તેની જાણકારી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે રાજ્યના પોલીસ વડાને નવ દિવસ પહેલા સમગ્ર કેસની તપાસ સોંપાઈ હતી. ગૃહ વિભાગ દ્વારા સમગ્ર ષડયંત્રમાં કેટલા લોકો સામેલ છે તે જાણવા માટે ગુપ્ત રાખી સમગ્ર તપાસ કરવામાં આવી રહી હતી. જોકે તપાસ દરમિયાન માહિતી લીક થઈ ગઈ છે. ત્યારે હવે ગૃહ વિભાગમાં પણ હડકંપ મચી ગયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ માહિતી લીક કરનાર સામે પણ તપાસ શરૂ કરાઈ છે. ગૃહ વિભાગ દ્વારા આગામી એક-બે દિવસમાં સમગ્ર કેસ સંદર્ભે મોટો ખુલાસો કરાશે. માહિતી લીક કરનાર ગૃહ વિભાગના કર્મચારી અધિકારી સામે પણ પગલાં ભરવામા આવશે.

## દેશભરમાં બે મહિનામાં ૩૦ વાઘનાં મોત : પર્યાવરણ પ્રેમીઓમાં રોષ



નવી દિલ્હી તા. ૨૮ આ વર્ષના પ્રથમ બે મહિનામાં દેશભરમાં ૩૦ વાઘના મૃત્યુના કેસો નોંધાયા છે. જો કે, નેશનલ ટાઈગર પ્રોટેક્શન ઓથોરિટી (એનટીસીએ) ના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ સંખ્યા ધમકીની ચેતવણી નથી, કારણ કે સામાન્ય રીતે જાન્યુઆરી અને માર્ચની વચ્ચે ટાઈગર્સના મૃત્યુના કિસ્સાઓમાં વધારો થાય છે.

અહેવાલ મુજબ, અત્યાર સુધી વાઘનો કન્હા, પન્ના, રણથંભોર, પેંચ, કોર્બેટ, સત્પુરા, ઓરંગ, કાઝિરંગા અને સત્યમંગલમ અભયારણ્યો તરફથી નોંધાય છે. આ ૩૦ મૃત્યુમાંથી ૧૬ વાઘનું અભિયાનની બહાર મૃત્યુ થયું હોવાના અહેવાલ છે. મધ્યપ્રદેશમાં સૌથી વધારે ૯ વાઘના મૃત્યુ નોંધાયા છે. તે પછી મહારાષ્ટ્રમાં સાત વાઘનું મોત નીપજ્યું છે. મૃતકોમાં એક બચ્ચા અને ત્રણ કિશોરો શામેલ છે, બાકીના પુખ્ત વયના છે.

## જી-૨૦ અંતર્ગત દેશનાં હોટલ ઉદ્યોગમાં તેજીનો દોર

G20 भारत 2023 INDIA

નવી દિલ્હી,તા. ૨૮ : દેશનો હોટલ ઉદ્યોગ દોડવા લાગ્યો છે જે ભારતના જી-૨૦ પ્રમુખ પદને આભારી છે. જી-૨૦ સાથે સંકળાયેલ મીટીંગો અને આયોજનો, તેમજ કોર્પોરેટ સમીટો અને સેમીનારોના કારણે હોટલોની માંગ વધતા મહત્વના શહેરોમાં હોટલોના રૂમભાડાઓ વધી ગયા છે.

લેમન ટ્રી હોટેલ્સના પ્રમુખ વિક્રમજીત સીંધે કહ્યું, ભારતમાં ઓકટોબર ૨૦૨૨થી શરૂ થયેલ ત્રિમાસીકમાં હોટલોના ભાડામાં નોંધપાત્ર વધારો થયો હતો. અને ચાલુ ત્રિમાસીકમાં તેમાં વધારે વધારો થયો છે. દિલ્હી એનસીઆર, મુંબઈ, હૈદ્રાબાદ અને બેંગ્લુરૂમાં હોટલની માંગમાં અણધાર્યો વધારો થતા હોટલોના રૂમ ભાડાઓલ ટાઈમહાઈ જોવા મળી રહ્યા છે.'

**ફ્લેટ વેચવાનો છે**

જૂનાગઢનાં ક્રીમ એરીયામાં તળાવ દરવાજા વિસ્તારમાં જલારામ સોસાયટીમાં 2 BHK ફ્લેટ વેચવાનો છે. ફિકસ ફર્નિચર સાથે, લીફટી સુવિધા સાથે તદ્દન વ્યાજબી ભાવમાં ફ્લેટ વેચવાનો છે.

**મો. ૯૪૨૭૪ ૨૩૪૧૫**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા**
યુરોસર્જીકલ હોસ્પિટલ

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે ભારતીય વૈજ્ઞાનિક સી. વી. રામને પ્રકાશના કિરણોની અલગ-અલગ તરંગ લંબાઈ ઉપર વિખેરાઈ જવાની પ્રક્રિયાનું બારીકાઈથી સંશોધન કરી જે જ્ઞાન-શોધને 'રામન ઈફેક્ટ'ના નામથી લોકો સમક્ષ મુકતા દર વર્ષે ૨૮ મી ફેબ્રુઆરી નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવે છે





રોજિંદા જીવનમાં વણાઈ ગયેલા વિજ્ઞાનની ઉપયોગિતા અંગે લોકોને જાગૃત કરવા માટે સમગ્ર દેશમાં ૨૮ ફેબ્રુઆરીને "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. આપણા હાથમાં રહેલા અવનવા ગેજેટ્સથી લઈને અવકાશ વિજ્ઞાન સુધીની સતત વિકસતી ટેક્નોલોજીએ વિજ્ઞાનની અને માનવ જીવનના સતત પ્રયત્નોની સમગ્ર માનવ સમુદાયને મળેલી ભેટછે.ભારત સતત વિકાસશીલ દેશ રહ્યો છે. વર્તમાન સમયમાં ભારત દેશ વિકાસની જે હરણફાળ ભરી રહ્યો છે, તેમાં વિજ્ઞાનનો મહત્તમ ફાળો રહ્યો છે. જે-તે સમયે દેશમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા દુર કરવામાં વિજ્ઞાને મહત્વનો ફાળો આપ્યો છે. વિજ્ઞાન આપણા રોજિંદા જીવનનોએક મહત્વનો ભાગ છે. ૨૮ મી ફેબ્રુઆરી ૧૯૨૮માં કલકત્તાની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ફોર ધ કલ્ટિવેશન ઓફ સાયન્સ ખાતે ભારતીય વૈજ્ઞાનિક સર ચંદ્રશેખર વેંકટરામને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે પ્રકાશના કિરણોની અલગ અલગ તરંગ લંબાઈ ઉપર વિખેરાઈ જવાની પ્રક્રિયાનું ખુબ જ બારીકાઈથી અવલોકન કરી તેને લોકો સમક્ષ મુકી હતી. જે શોધને તેમના નામ ઉપરથી 'રામન ઈફેકટ' તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ ૧૯૩૦માં આ નોંધપાત્ર શોધ માટે તેમને નોબેલ પુરસ્કાર મળ્યો હતો. ભારતમાં જ સંશોધન કાર્ય કરીને નોબલ પુરસ્કાર મેળવનાર પ્રો. રામન એક માત્ર ભારતીય વૈજ્ઞાનિક હતા. તેમની શોધ પરથી વધુને વધુ બાળકો અને યુવાનોને પ્રેરણા મળે તેવા શુભાશયથી સરકાર દ્વારા દર વર્ષે નેશનલ સાયન્સ ડે ઉજવવામાં આવે છે. લોકોના રોજિંદા જીવનમાં ઉપયોગમાં લેવાતા વિજ્ઞાનના મહત્વ વિશે સંદેશ ફેલાવવા તેમજ મહત્તમ લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ અને દ્રષ્ટિકોણ કેળવાય, ભારતમાં માનવ કલ્યાણ માટે વિજ્ઞાનના ક્ષેત્રમાં થતી તમામ પ્રવૃત્તિઓ, પ્રયાસો અનેસિદ્ધિઓઆ દિવસે પ્રદર્શિત કરવામાં આવે છે. જેના પગલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે લોકાર્પિત રીજીયોનલ સાયન્સ સેન્ટર-રાજકોટમાં 'IDEA એક્સિબિશન' અંતર્ગત રાજકોટનાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર સર્વશ્રેષ્ઠ કૃતિઓના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેની થીમ ભારત દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીદ્વારા શરૂ કરાયેલ 'નીતિ આયોગ'ના ભાગરૂપ પ્રોજેક્ટ એવાં 'ગ્લોબલ મિશન : LiFE (લાઈફસ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ) તથા યુનાઈટેડ નેશન્સ દ્વારા આપવામાં આવેલ ૧૭ સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ (ટકાઉ વિકાસના લક્ષ્યાંકો)ને અનુરૂપ રાખવામાં આવી છે. ઉપરાંત વિવિધ વૈજ્ઞાનિક વિષયો આધારિત કાર્યશાળા, નિષ્ણાંતો સાથે વૈજ્ઞાનિક વાર્તાલાપ, સર સી. વી. રામનના જીવનચરિત્ર ઉપર આધારિત વિજ્ઞાનનાટિકા તથા આધુનિક ટેલિસ્કોપ દ્વારા આકાશદર્શન વગેરે જેવા કાર્યક્રમોનુંપણ જાહેર જનતા માટે આયોજન કરવામાં આવ્યુ છે.ડો. ચંદ્રશેખર વેંકટરામનનો જન્મ ૭મી નવેમ્બર, ૧૮૮૮માં તામિલનાડુમાં ત્રિચિનાપલ્લી પાસે થિરૂવનાઈકકાવલ ગામમાં થયો હતો.નાનપણથીજ વિજ્ઞાનપ્રત્યે વિશેષ રુચિ હોવાથી એમણે નક્કી કર્યુ હતુ કે, જીવનનું લક્ષ્ય વિજ્ઞાનને જ બનાવીશ. પાઠ્યપુસ્તકોની સાથે-સાથે કોલેજ લાઈબ્રેરીમાં મોટા-મોટા ગ્રંથો વાંચતા હતા. તેઓ પોતાની એક પણ ક્ષણ વ્યર્થ જવા દેવા નહોતા માંગતા. પરીક્ષા પાસ કરવી તેમને માટે ગૌણ બાબત હતી પરંતુ, વિજ્ઞાનની શોધો કરવાનું તેમનું મુખ્ય લક્ષ્ય હતું. સરકારી નોકરી કરતા હોવા છતા વિજ્ઞાનની રૂચિને કારણે તેમણે સંશોધન ચાલુ રાખ્યું કલકત્તા વિશ્વ વિદ્યાલયમાં પ્રોફેસરની નોકરીમાંથી રાજીનામું આપી સંપુર્ણ સમય વિજ્ઞાનને સર્મપીત કર્યો. ઈ.સ. ૧૯૨૧માં શરૂ થયેલી રામન ઈફેક્ટની શોધ ઈ.સ. ૧૯૨૮માં ઈન્ડિયન જર્નલ ઓફ ફિઝિક્સ, કલકતામાં સર્વપ્રથમ પ્રકાશિત થઈ હતી, જેની વિધિસર ઘોષણા ૧૯૩૦માં થઈ હતી. લગભગ ૭૦૦૦ જેટલા શોધ નિબંધો અને સંશોધનો આ વિષય ઉપર પ્રકાશિત થયા છે તથા અનેક પુસ્તકો છપાયા છે. ઈ.સ. ૧૯૩૦માં સ્વીઝર્લેન્ડની જયુરીએ ભૌતિક વિજ્ઞાનપદે એમને ફેલો બનાવ્યા. અમેરિકાની ફ્રેંકલીન ઈન્સ્ટીટયુટે એમને ફ્રેંકલીન પદકથી વિભૂષિત કર્યા. ૧૯૩૨માં રામન પ્રભાવની શોધને નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો. સમસ્ત એશિયામાં આ પુરસ્કાર સર્વપ્રથમ પ્રાપ્ત કરવાનો યશ ડો. સી.વી. રામનને ફાળે જાય છે.

## ૭૦ હજારથી વધુ લોકોએ રીજીયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લઈને બાળકો અને યુવાનોએ પ્રેરણાદાયક વૈજ્ઞાનિક અભિગમ કેળવ્યો

પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રનું ૧૯ ઓક્ટોબરના રોજ પ્રધાનમંત્રીના હસ્તે લોકાર્પણ થયા બાદ હાલ સુધીમાં કુલ ૬૯,૪૩૧થી વધુ લોકોએ મુલાકાત લીધી છે.જેમાં ઓક્ટોબર માસમાં ૧૦,૦૭૧, નવેમ્બર માસમાં ૧૪,૭૫૫, ડિસેમ્બર માસમાં ૧૦,૩૬૦, જાન્યુઆરી માસમાં ૧૭,૦૧૧ અનેફેબ્રુઆરી માસમાં ૮,૦૦૦ જેટલા થઈને કુલ ૩૭,૮૪૫ શહેરીજનો અને ૩૧,૫૮૭ વિદ્યાર્થીઓએ કેન્દ્રની મુલાકાત લઈ જ્ઞાન મેળવ્યું હતું. ''નેશનલ સાયન્સ ડે'' એ ભારતમાં વિજ્ઞાનને લગતા ઉજવાતા તહેવારો પૈકીનો મુખ્ય તહેવાર છે. આ દિવસે વિવિધ શાળાઓ, કોલેજો તથા યુનિવર્સિટીઓમાં વિજ્ઞાનને લગતા વિવિધ પ્રોજેક્ટસનું પ્રદર્શન યોજવામાં આવે છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા રેડીયો-ટીવી પર વિવિધ કાર્યક્રમો પ્રસારીત કરવામાં આવે છે તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનને લગતી ચર્ચાઓ, સાયન્સ ક્વિઝ, સાયન્સ મુવીઝ વગેરેનું પણ નિદર્શન કરવામાં આવે છે.

**સંકલન : દિવ્યા ત્રિવેદી અને રાજ લક્કડ, માહિતી વિભાગ, રાજકોટ**

# રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવા ઉદ્યોગકારોને કલેક્ટરનું આહવાન



## અનેક ઉદ્યોગકારો, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશને લોકભાગીદારીના આમંત્રણને ઉત્સાહથી ઝીલી લીધું

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલા અભિયાન અંતર્ગત રાજકોટ જિલ્લામાં લોકભાગીદારીથી ૭૫ અમૃત સરોવરો બનાવવાના આયોજનના ભાગરૂપે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકોટના ટોચના ઉદ્યોગકારો સાથે બેઠક યોજી હતી. જેમાં તેમણે ઉદ્યોગકારોને દેશહિત માટે અને લોકોના કલ્યાણ માટે ગ્રામપંચાયત કે સરકારી ખરાબાની જગ્યામાં અમૃત સરોવરો બનાવવા માટે આહવાન કર્યું હતું. જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ કહ્યું હતું કે, કોઈ પણ ઉદ્યોગકાર ગ્રામ પંચાયતના તળાવ કે સરકારી ખરાબાની જગ્યામાં અમૃત સરોવર બનાવી શકશે. ઓછામાં ઓછું એક એકર અને મહત્તમ ૧૦ એકરની જગ્યામાં પાંચ ફૂટથી વધુ ઊંડાઈનું સરોવર બનાવી શકાશે. તળાવ ખોદકામમાંથી નીકળતી માટીનો ખેતીકામ માટે ખેડૂતોને અથવા તો રોડ બનાવવા માટે હાઈવે ઓથોરિટીને આપી શકાશે. તેમણે ઉદ્યોગપતિઓને ઈજન પાઠવતા જણાવ્યું હતું કે, આઝાદીની લડાઈમાં રાજકોટ જિલ્લાની ખૂબ મહત્ત્વની ભૂમિકા રહી છે. આથી "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૭૫ અમૃત સરોવરો બનાવવાનું આયોજન છે. આ સરોવરોના નિર્માણથી જળસંચય તો થશે જ, સાથે-સાથે આઝાદીના લડવૈયાઓની સ્મૃતિઓ આપણામાં ગૌરવની લાગણી સંચિત કરશે. આ અમૃત સરોવરો ઉપર રાષ્ટ્રીય પર્વ ઉપર ધ્વજવંદન પણ કરી શકાશે. જિલ્લા કલેક્ટરના આમંત્રણને અનેક ઉદ્યોગકારો, ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશને ઉત્સાહથી ઝીલી લીધું હતું અને અમૃત સરોવરો બનાવવા માટે કટિબદ્ધતા દર્શાવી હતી. દેશહિતના કામ માટે, જળસંચય માટે રાજકોટ જિલ્લાના ઉદ્યોગો પણ તત્પર હોવાની લાગણી ઉદ્યોગકારોએ વ્યક્ત કરી હતી. આ બેઠકમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર કિશોર મોરી, જી.આઈ.ડી.સી.ના રિજીયોનલ મેનેજર દર્શન ઠક્કર, જિલ્લા ઉદ્યોગ સલામતી અને આરોગ્યના નાયબ નિયામક ડી.બી.મોણપરા, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી બી.એમ. મકવાણા, આજી જી.આઈ.ડી.સી. એસોસિએશન, લોધિકા જી.આઈ.ડી.સી. એસોસિએશનના પ્રતિનિધિ, શક્તિમાન, ગોપાલ, એચ.જય, રોલેક્સ, ઓરબીટ સહિતના ટોચના ઉદ્યોગોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# વિજ્ઞાનથી વિકાસ અને વિનાશ બંને થાય છે ત્યારે આવો રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસને વિશ્વ કલ્યાણ માટે મનાવીએ

## દુનિયા જેને વિજ્ઞાન કહે છે તેને આપણા શાસ્ત્રોમાં યંત્રો તરીકે વર્ણવ્યા છે : આપણા વેદોમાંથી વિજ્ઞાનનો જન્મ થયો છે ત્યારે આવો રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસને વેદોનાં જન્મ દિવસ સ્વરૂપે મનાવીએ




વિજ્ઞાનની શોધને દેશ દેશાંતરો વચ્ચેની સરહદોના સીમાડા હોતા નથી. જે સમગ્ર વિશ્વ કલ્યાણ માટે અને માનવજાત માટે વિજ્ઞાનની શોધ આશીર્વાદ પણ બની છે અનેતેનો અવિવેકી અને અવિચારી ઉપયોગ અભિશાપ પણ નિવડ્યો છે. જે ઈતિહાસમાં નોંધાયેલ ગોઝારી અનેમાનવ સર્જિત બીજા વિશ્વ યુધ્ધમાં જાપાનનાં નાગાસિકા અને હિરોશિમા ઉપર ફેંકવામાં આવેલ અણુ બોમ્બની ઘટના અને તેના આજના દિવસે પણ ભોગવતા પરિણામોનાં અનુભવના જ્ઞાનથી હવે વિજ્ઞાનને વ્યવસ્થિત રીતે ઘડાયેલા સિદ્ધાંતોને અનુસરીને અપાતા સ્પષ્ટીકરણો અને તેના ઉપયોગ ઉપર મુકાયેલા વિશ્વ વ્યાપી પ્રતિબંધો એ પણ વિજ્ઞાનની દેન છે. ભારતની ભૂમિએ અનેક મહાન વૈજ્ઞાનિકો વિશ્વને આપ્યા છે.પ્રાચીન સમયના વૈજ્ઞાનિકોની શોધો એ પણ સમગ્ર વિશ્વને અમૂલ્ય ભેટ આપી છે. ભારતના મહાન વૈજ્ઞાનિક ડોક્ટર ચંદ્રશેખર વેંકટ રામનની ભૌતિક વિજ્ઞાનને લગતી પ્રકાશના વિભાજનની શોધ જેને રામન ઈફેકટ નામ આપવામાં આવ્યું હતું એ ગૌરવ પૂર્ણ વિશેષ શોધ માટે દેશનાં પ્રથમ વૈજ્ઞાનિક કે જેમને વિશ્વ એ વિશ્વ સન્માનનીય તેવા નોબેલ પુરષ્કારથી સન્માનિત કર્યા છે. તેવા દેશનાં પ્રથમ નોબલ પ્રાઈઝ વિજેતા તારીખ ૨૮ ફેબ્રુઆરી ૧૦૮૭ના દિવસે મળેલું. વિજ્ઞાનના ક્ષેત્રમાં નોબલ પ્રાઈઝ મેળવનાર વેંકટ રામન પ્રથમ એશિયન હતા. તેઓની આ શોધને આદર આપવા માટે ૨૮ ફેબ્રુઆરીનો દિવસ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે દેશભરમાં ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. ૨૦૨૩નો 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ' ૩૭મો વિજ્ઞાન દિવસછે. અને રામન ઈફેકટ શોધ થયેલ તેની ૯૬મી જયંતી પણ છે. એ વૈશ્વિક કલ્યાણ માટે જ વિજ્ઞાન તરીકે મનાવી એ અને તેમને યાદ કરી સન્માનિત કરીએ. આ વર્ષે રાષ્ટ્રીય વિજ્ઞાનદિવસની થીમ છે "વિજ્ઞાનદ્વારા વિકાસ". આપણા દેશમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવાની શરૂઆત ૧૯૮૭ની ૨૮ ફેબ્રુઆરીથી થઈ. દેશભરની શિક્ષણ સંસ્થાઓ ઉપરાંત સમાજ ઉપયોગી સેવાઓમાં જોડાયેલ તબીબી, ટેકનિકલ અને સંશોધન ક્ષેત્રે જોડાયેલી સંસ્થાઓમાં આ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક થાય છે. વૈજ્ઞાનિક વિચારધારા ધરાવતા લોકો પ્રોત્સાહિત થાયએ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ છે. શાળાઓના નાના બાળ વૈજ્ઞાનિકો આ દિવસની ઉત્સુકતાથી રાહ જોતા હોય છે. વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા પ્રદર્શિત કરવા અને વિજ્ઞાનને લગતી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ બાળકો ખૂબ જ ખુશ થાય છે અને વિજ્ઞાન પ્રત્યેની જાગૃતિના બીજ રોપાય છે.

**- આદર્શ પત્રકાર સુરેશચંદ્ર ધોકાઇ, ઓખા**

# આઈ.ટી.આઈ. રાજકોટ ખાતે તા.૪ માર્ચે રોજગાર ભરતી મેળો યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અને રાજકોટ આઈ.ટી.આઈ. દ્વારા એસ.એન.જી. લેબ્સ પ્રા.લી., પડવલા, કોટડાસાંગાણી, રાજકોટ અને તેમના ગ્રુપની જ કંપની એન્ડોક બાયોટેક પ્રા. લી., જીયાણા, કુવાડવા, રાજકોટ તથા સ્પેન્ટીકા લાઈફ સાયન્સ, હડાળા, રાજકોટ મોરબી હાઈવે, રાજકોટ માટે તા.૪-૩-૨૦૨૩, શનિવારના રોજ સવારે ૯:૩૦ વાગ્યા થી બપોરે ૧ વાગ્યા સુધી આજી ડેમ પાસે આવેલ ગવર્નમેન્ટ આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત ત્રણ કંપનીમાં પ્રોડક્શન અને મેન્ટેનન્સ ડીપાર્ટમેન્ટમાં ટેક્નિશિયન તરીકે જુદી જુદી ૨૦થી વધુ જગ્યાઓ માટે ભરતી કરવાની છે.

જેમાં આઈ.ટી.આઈ. - એ.ઓ.સી.પી., એલ.એ.સી.પી., એમ.એમ.સી.પી., આઈ.એમ.સી.પી. અને ઈલેક્ટ્રિશિયનની શૈક્ષિણક લાયકાત ધરાવતાં ૧૮ થી ૨૫ વર્ષની ઉંમર ધરાવતાં અનુભવી કે બિનઅનુભવી માત્ર પુરૂષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉમેદવારોને રાહત દરે કેન્ટીન અને ફ્રી ટ્રાન્સપોર્ટેશન, અને સેફટી પી.પી.ઈ.(પર્સનલ પ્રોટેક્ટીવ ઈક્વિપમેન્ટ) સહિતની સુવિધાઓ પણ મળવાપાત્ર છે. કંપની વિશે વધુ વિગતો www.snjlabs.com વેબસાઈટ તથા કંપની યુ-ટ્યુબ વિડીયો http://youtube/Rs0yhi-YwwU ઉપરથી મળી રહેશે. આ ભરતી મેળામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ ધોરણ ૧૦ની માર્કશીટ, આઈ.ટી.આઈ.ની તમામ માર્કશીટ, આધારકાર્ડ, પાસપોર્ટ ફોટોગ્રાફસ - ૫ નંગ, પાન કાર્ડ(જો હોય તો), બાયોડેટા અથવા રીઝયુમ સહિતના ડોક્યુમેન્ટ્સ ઓરીજીનલ તથા એકસેટ ઝેરોક્ષનો સાથે લાવવાનો રહેશે.

રજીસ્ટ્રેશન, ફોર્મ ફીલિંગ, મૌખિક ઈન્ટરવ્યુ દ્વારા સ્ક્રીનીંગ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. બિનઅનુભવી માટે રૂા.૧૦,૦૦૦થી રૂા.૧૫,૦૦૦ તથા અનુભવીને ઈન્ટરવ્યુ પરફોર્મન્સ આધારિત પગાર ધોરણ તેમજ કંપની નિયમો મુજબ મળવાપાત્ર રજાઓ મળશે. પસંદગી પામેલ ઉમેદવારોએ કંપનીમાં તાત્કાલિક ધોરણે જોઈનીંગ કરવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે આઈ.ટી.આઈ. રાજકોટમાં પ્લેસમેન્ટ વિભાગનો સંપર્ક કરવા આઈ.ટી.આઈ.નાં આચાર્ય નિપુણ રાવલની યાદીમાં જણાવાયુંછે.

# રાજ્યમાં ડુંગળી પકવતા ખેડૂતોને થઈ રહેલા નૂકશાન સંદર્ભે વિવિધ ધારાસભ્યો-એપીએમસીના આગેવાનોની રજૂઆતનો યોગ્ય નિર્ણય કરવા હકારાત્મક પ્રતિભાવ આપતાં મુખ્યમંત્રી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૮

રાજયમાં ડુંગળી પકવતા ખેડૂતોને થઈ રહેલા નૂકશાન સંદર્ભે ભાવનગરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં એપીએમસીના આગેવાનોએ કરેલી રજૂઆતને ગંભીરતાથી સાંભળી ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો. અગાઉ પણ આ પ્રશ્ને ખેડૂત આગેવાનોએ અને ધારાસભ્યઓએ કૃષિ મંત્રી રાઘવજી પટેલને રજુઆતો કરી હતી. જેના પ્રતિભાવમાં કૃષિ મંત્રીશ્રી દ્વારા ખેડૂતોને સહાય કરવા માટે હૈયા ધારણ આપવામા આવી હતી. ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ હકારાત્મક પ્રતિભાવ આપવા બદલ આગેવાનોએ અને ધારાસભ્યઓએ મુખ્યમંત્રીનો ખેડૂતો વતી આભાર માન્યો હતો. ડુંગળીના નીચા ભાવથી ખેડૂતોને થઈ રહેલા નૂકશાનથી બચાવવા રાજ્ય સરકારે ગત વર્ષે રૂા.૧૦૦ કરોડની સહાય જાહેર કરી હતી. જેમાં રાજ્ય સરકારે ખેડૂતો દ્વારા અરજી કર્યા બાદ કુલ ૩૧,૬૭૪ ખેડૂતોને કુલ રૂા.૬૯.૨૬ કરોડની સહાય ચુકવવામાં આવી હતી. જેથી આ વખતે પણ સરકાર જરૂરી નિર્ણય લેશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી. રાજ્યમાં ડુંગળીના ઘટી ગયેલા ભાવ સંદર્ભે ખેડૂતો માટે યોગ્ય નિર્ણય લેવા ભાવનગરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ વાઘાણીના નેતૃત્વમાં પાલીતાણાના ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, મહુવાના ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા અને તળાજા ધારાસભ્ય ગૌતમભાઈ ચૌહાણ તથા મહુવા એપીએમસીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, ગોંડલ એપીએમસીના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી.

# ખંભાળિયાની દ્વારકાધીશજી હવેલીમાં શુક્રવારથી ચાર દિવસ રાળના દર્શન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયામાં ન્યુ રામનાથ સોસાયટી ખાતે આવેલી દ્વારકાધીશજીની હવેલી ખાતે દર વર્ષની જેમ આ વર્ષેપણ હોળી પર્વે રાળના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શુક્રવાર તારીખ ૩ થી સોમવાર તારીખ ૬ સુધી દરરોજ સાંજે ૮:૪૫ વાગે શયનમાં રાળના દર્શન યોજવામાં આવ્યું છે. ત્યારબાદ મંગળવાર તારીખ ૭મી ના રોજ હોળી નિમિત્તે વહેલી સવારે હોળી પ્રજ્વાલિત કરવામાં આવશે. આ સાથે બુધવાર તારીખ આઠમીના રોજ ધુળેટી ઉત્સવમાં બપોરે ૧૨:૩૦ વાગ્યે ફુલડોલના દર્શન તથા ગુરૂવાર તારીખ ૯મી નારોજ દ્વિતીયાપાટ ઉત્સવ પ્રસંગે બપોરે ૧૨ વાગ્યે ફુલ મંડળીના દર્શન થશે. આ રાળના દર્શન તેમજ ફુલડોલ સહિતના ધર્મમય કાર્યક્રમોમાં સહભાગી થવા સર્વે વૈષ્ણવોને દ્વારકાધીશજી હવેલીના મુખ્યાજી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# કલ્યાણપુરમાં મહિલાઓની જાતિય સતામણી અંગે જાગૃતી સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

મહિલાઓને કામકાજના સ્થળે થતાં જાતીય સતામણીના અંગે જાગૃતતા કેળવાઇ તે હેતુથી જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા કલ્યાણપુર તાલુકા પંચાયત કચેરીની આઈ.સી.ડી.એસ. શાખાના સંકલનથી કલ્યાણપુર તાલુકા પંચાયત કચેરી ખાતે કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અધિનિયમ અંતર્ગત કાયદાકીય જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મદદનીશ સરકારી વકીલ અલ્પેશભાઈ પરમાર દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. જેમાં કાયદાની અલગ અલગ જોગવાઈઓ તથા કાયદામાં સમાવિષ્ટ કલમો વિશે વિસ્તૃત માહિતી આપી મહિલાઓને પોતાના હક્કો વિશે માહિતગાર કર્યા હતા. ઉપરાંત સમગ્ર દેશમાં મહિલા અને બાળ મંત્રાલય અંતર્ગત કાર્યરત શી-બોક્ષ (SHE-BOX)ની કામગીરી વિશે પણ વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. તેમજ શી-બોક્ષ (SHE-BOX) દ્વારા કોઈ પણ જાતિય શોષણથી પિડીત મહિલા પોતાની ફરીયાદ આ પોર્ટલ દ્વારા કોઈ પણ જગ્યાએથી દાખલ કરાવી શકશે તથા તમામ વિગતો ગુપ્ત રાખવામાં આવે છે અને SHE-BOX પોર્ટલની વેબસાઈટ www.shebox.nic.inનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

# ખંભાળિયા પંથકમાં વિદેશી દારૂ સામે પોલીસની કાર્યવાહી : ત્રણ શખ્સો ઝબ્બે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયા નજીકના ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્થાનિક પોલીસે વિદેશી દારૂ અંગેની કાર્યવાહી કરી, દરોડા દરમ્યાન ત્રણ શખ્સોને ૬૮ બોટલ પરપ્રાંતિય શરાબ સાથે ઝડપી લીધા હતા. ખંભાળિયા વિસ્તારમાં સ્થાનિક પોલીસ દ્વારા ગતરાત્રે સર્વેલન્સ સ્ટાફ સાથેહાથ ધરવામાં આવેલા પેટ્રોલિયમ દરમ્યાન અહીંના પી.આઈ. ડી.એમ. ઝાલા, હેડ કોન્સ્ટેબલ જેઠાભાઈ પરમાર તથા હેમતભાઈ નંદાણીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા તાલુકાના કુવાડીયા ગામના પાટીયાથી સામોર ગામના પાટીયા વચ્ચે જતાં એક હોટલ પાસેથી નીકળેલા નિખિલ કારૂભાઈ સામતભાઈ ગોજીયા (ઉ.વ.૨૩, રહે. કુવાડીયા)ના કબજામાંથી વિદેશી દારૂની ચાર બોટલ કરી એક મોબાઈલ પણ કબજે લીધો હતો. આ શખ્સની પૂછપરછ દરમ્યાન ખંભાળિયા તાલુકાના વિંઝલપર ગામના વાડી વિસ્તારમાંથી ધુમલ મુરૂભાઈ ડાંગર (ઉ.વ.૨૪) અને ભરત દેવાણંદ ગાગીયા (ઉ.વ.૩૦) નામના બે શખ્સોના કબજામાંથી પોલીસે વધુ ૬૪ બોટલ પરપ્રાંતિય શરાબનો જથ્થો કબજે કર્યો હતો. આ સમગ્ર દરોડાની કાર્યવાહીમાં પોલીસે કુલ રૂપિયા ૩૧,૫૨૦ની કિંમતની ૬૮ બોટલ દારૂ તથા રૂપિયા ૨૫,૦૦૦ની કિંમતના બે નંગ મોબાઈલ ફોન મળી, કુલ રૂપિયા ૫૬,૫૨૦નો મુદ્દામાલ કબજે કરી, ધોરણસર કાર્યવાહી કરી હતી.

# ઓખા નજીકના ટાપુ વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા સફાઈ અભિયાન



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

દેવભૂમિ દ્વારકા જિલ્લાના છેવાડાના વિસ્તાર એવા ઓખામાં આવેલા સમીયાણી ટાપુ ખાતે પોલીસ તંત્ર દ્વારા સફાઈ અભિયાન કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારના સાગર સફાઈ અભિયાન અંતર્ગત ઓખા મરીન પોલીસ મથકના પી.એસ.આઈ. દેવ વાંઝા તથા સ્ટાફ દ્વારા સમીયાણી ટાપુમાં હાથ ધરવામાં આવેલી પ્લાસ્ટિક અંગેની કામગીરીમાં પ્લાસ્ટિકનો કચરો એકત્ર કરી, તેનો યોગ્ય રીતે નિકાલ કરીને દરિયા કિનારાની સાફ-સફાઈ કરવામાં આવી હતી.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# પીએચ. ડી. પ્રવેશ ૨૦૨૨માં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં અંગ્રેજી ભવનના ગોટાળા બાબતે તપાસ માગતા શિક્ષણ વિદ્યાશાખાના સિનિયર ડીન ડો. નિદત બારોટ

## સંઘના નામે ભક્તિ ચલાવવા ટેવાયેલું ભવનના ગોટાળા સામે ડો. બારોટ આકરાં પાણીએ

રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી શિક્ષણ વિદ્યાશાખાના સિનિયર ડીન ડો.નીદત બારોટે કુલપતિ ડો. ગિરીશ ભીમાણીને એક પત્ર લખીને જણાવ્યું છે કે " હંમેશા ખોટા એડમિશન આપવા ટેવાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશમાં આ વખતે પણ પીએચ. ડી. પ્રવેશ પ્રક્રિયામાં ભૂલો કરવામાં આવી છે.આ સાથે જોડેલ યાદીમાં ઓપન General Category માં અપાયેલ પ્રવેશ મેરીટ નંબર ૬, ખરેખર General Categoryમાં પ્રવેશ મેળવા લાયકાત ધરાવતો નથી . General Categoryમાં પ્રવેશ અનામતમાં આવતા વિદ્યાર્થીને તોજ મળે, જો એની અન્ય લાયકાત General Category માટે જરૂરી હોય તે પુરી થતી હોય. મને માહિતી છે તે મુજબ આ વિદ્યાર્થી બક્ષીપંચમાં આવે છે, તેને અનુસ્નાતક કક્ષાએ ૫૫% થતા નથી, માટે અન્ય મેરીટને આધારે તેને પ્રવેશ ફરજિયાત બક્ષીપંચની સીટ પર આપવો પડે.આપ જણાતાં હશો કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશ પ્રવેશ કાર્યવાહીમાં હંમેશા જાણી જોઈ ને ભૂલો કરવા ટેવાયેલ છે. અગાઉ M.Phil. પ્રવેશ બાબતે પણ વિવાદ થયો હતો. ગત વર્ષે Ph.D. પ્રવેશ વખતે પણ વિવાદ થયો હતો. સ.છ. English જૂન ૨૦૨૨ વખતે પણ અનામત વિદ્યાર્થીઓને અન્યાય કર્યો હતો, પાછળથી મને યુનિવર્સિટીએ લખીને આપેલ પત્રમાં જણાવ્યું હતું કે ''શરત ચૂક'' થી ખોટો પ્રવેશ આપયેલ છે. એક વિદ્યાર્થીની મહિલા અયોગમાં ગઈ, ત્યારે તેને પ્રવેશ આપવો પડયો હતો. આ ઉપરાંત પ્રવેશ કાર્યવાહી પત્યા પછી ન્યૂઝ પેપરમાં જાહેરાત આપ્યા વગર, ફોર્મ ન ભરનાર વિદ્યાર્થીને ખાનગી રીતે પ્રવેશ આપ્યો હતો. આટલી ફરિયાયદો પછી પણ આપના દ્વારા કોઈ પગલાં લેવાતા નથી જે દર્શાવે છે કે યુનિવર્સિટીનું વહીવટી તંત્ર પણ ગુનાહિત બેદરકારી રાખી રહ્યું છેઁ.ર.ઢ. જેવી સર્વોચ્ચ પદવીના પ્રવેશમાં ઉપરોક્ત એક પ્રવેશની ભૂલને કારણે, General Categoryમાં આવતા એક વિદ્યાર્થીનેઅન્યાય થયો અનેતેની કારકિર્દીનેના પુરી શકાય તેવી ખોટ ગઈ. હવે તેવિદ્યાર્થીએફરી પરીક્ષા આપવાની અને ફરી DRC સમક્ષ આવવાનું અનેજો



તે વખતે મેરીટ માં આવે તો તેને પ્રવેશ મળે. આ વખતે આ વિદ્યાર્થીને મળવા પાત્ર પ્રવેશ યુનિવર્સિટીના ડીપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લિશના કરતા હર્તા લોકો ને કારણે ગુમાવવો પડ્યો. આપ આ મુદ્દે યોગ્યતાપસ કરી જવાબદાર સામે પગલાં લેશો તેવે અપેક્ષા છે." ડો. નીદત બારોટે કુલપતિ સમક્ષ અંગ્રેજી ભવનનાં પીએચ. ડી. પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૨ ના મેરીટ લીસ્ટ બાબતે તપાસ કરવા માંગણી કરી છે.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી- ગાંધીનગરનાં સહયોગથી

# જૂનાગઢમાં પંડિત શ્રી આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત મહોત્સવનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢ સ્થિત ભૂતનાથ સત્સંગહોલ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી- ગાંધીનગર નાં આર્થિક સહયોગ થી અમર સંગીતકાર પંડિત શ્રી આદિત્યરામજીની સ્મૃતિમાં શાસ્ત્રીય સંગીત મહોત્સવ સંપન્ન થયો મહોત્સવનાં અધ્યક્ષ પૂ પા. ૧૦૮ શ્રી શરદવલ્લભરાયજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં મહેમાનો ધારાસભ્ય સંજયભાઇ કોરડીયા, નયનભાઇ ભટ્ટ, મહેન્દ્રસિંહ પઢિયાર, નિતાબેન વાળા, અશોકભાઇ ભટ્ટ, જીતુભાઈ ભીંડી, ડો.ડી.પી. ચિખલિયા, ધીરૂભાઈ પટેલ અને ઉપસ્થિત કલાકારો દ્વારા દીપ પ્રાગટ્ય કરી પ્રારંભ થયો. મહોત્સવમાં જાણીતા શાસ્ત્રીય ગાયિકા સુ.શ્રી.જાનકીબેન



મીઠાઈવાલા, વિપુલ ત્રિવેદી દ્વારા શાસ્ત્રીય ગાયનની પ્રસ્તુતિમાં વિવિધ રાગોથી શ્રોતા સ્વરોના રંગમાં ભીંજાયા. શ્રી સુધીર યાર્દી અને અનિકેત યાર્દીની હાર્મોનિયમ વાદનની જુગલબંધીમાં સંગીત રસિકો જૂમી ઉઠ્યા. અર્પિત માંડવિયાનાં સારંગી વાદનથી શ્રોતા આનંદિત થયા હતા. વ્રજ જોષી અને રૂહાન બાબીની ગાયન પ્રસ્તુતિથી શ્રોતા આનંદિત થયા. સર્વ કલાકારો સાથે તબલા સંગત ભાર્ગવ જાની અને કુનાલ વ્યાસ તથા હાર્મોનિયમ સંગત ઋષિકેશ પંડ્યા તથા તાનપુરા સંગત ધ્વનિત ત્રિવેદી, દર્પિત દવે અને અવધ પટેલ દ્વારા સુંદર રીતે થયેલ. મહોત્સવનું ઉદઘોષન સુ.શ્રી.શ્લેષા વોરા દ્વારા કરવામાં આવ્યું. મહોત્સવમાં પ્રસ્તુતિ બદલ સર્વ કલાકારોનું પ્રસસ્તી પત્ર અને ઉપવસ્ત્ર દ્વારા મહાનુભાઓના વરદ હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મોડી રાત સુધી જૂનાગઢનાં અને વિવિધ શહેરોમાંથી આવેલ સંગીત રસિકોએ મહોત્સવને મનભરી માણ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સપ્તક સંગીત વિદ્યાલય અને જગદગુરૂ શ્રીમદ વલ્લભાચાર્ય માર્ગ સિદ્ધાંત સંસ્કાર સિંચન કેન્દ્રનાં કાર્યકર્તાઓ દ્વારા જહેમત ઉઠાવી હતી.

## દ્વારકા : મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધામાં ભાગ લેવા અંગે સુચના

(પ્રતિનિધિ દ્વારા) જામખંભાળિયા તા.૨૮

ગુજરાત સરકારના યુવક, સેવા અને સાંસ્કુતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા આયોજીત હરીઓમ આશ્રમ- નડિયાદ પ્રેરીત તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા રમત ગમત અધિકારી કચેરી દ્વારા આયોજિત ૪૨ મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા દ્વારકામાં દામજી જેટીથી બેટ દ્વારકા ફરતે રાઉન્ડનું આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ સાહસિકોએ ખંભાળિયામાં જિલ્લા સેવા સદનમાં પહેલા માળે આવેલી જિલ્લા રમત ગમત અધિકારી કચેરી, રૂમ નં. C-૧/૨, અને C-૧/૪, ખાતેથી અરજી ફોર્મ મેળવી તા.૬ માર્ચ સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાની રહેશે.

## કેશોદનો યુવાન અગ્નિવીર સેવા દળમાં પસંદગી પામી જબલપુર ટ્રેનિંગમાં જતાં ગૌરવભેર વિદાય આપી

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨૮

કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય સૈન્યને મજબુત બનાવવા અને કોઈપણ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થાય તો સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં પહોંચી વળવા યુવાનોનેઅગ્નિવીરસેવા દળહેઠળ પસંદ કરી તાલીમ આપવામાં આવી રહી છે. કેશોદના ઈંદિરાનગર વિસ્તારમાં રહેતાં મનોજકુમાર બટુકભાઈ ધુળાની પસંદગીથતાં કેશોદનુંગૌરવવધાર્યુ હતું. જબલપુર ખાતે તાલીમ મેળવવા જવાનું હોય મનોજભાઈ ધુળાનાં પરિવારજનો મિત્રો સ્નેહીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ગૌરવભેર વિદાય આપીહતી. કેશોદના માજી સૈનિક



મહેન્દ્રસિંહ દયાતર દ્વારા યુવાનોને વિનામૂલ્યેશારિરીક તૈયારીઓ માટે તાલીમ આપવામાં આવે છે અને વિકાસભાઈ બળવા લખનભાઈ ભરડા દ્વારા લેખિત પરિક્ષાની વિનામૂલ્યેતૈયારી કરાવવામાંઆવે છે. ત્યારે મનોજકુમાર બટુકભાઈ ધુળાએ પણ આ તાલીમ કેન્દ્રમાં તાલીમ મેળવી હોય ત્યારે મહેન્દ્રસિંહ દયાતર અને વિકાસભાઈબળવાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# દિવ્યધામ વલારડી રક્તદાન, આરોગ્ય નિદાન, ચકલી બચાવ અભિયાન દ્વારા પ્રસરાવે છે સેવાની સરવાણી

## ગુજરાતભરનાં વઘાસિયા પરિવારો દ્વારા વલારડી ગામે સુરાપુરાનાં જિર્ણોદ્ધારિત નુતન મંદીરને ભારતભરની પવિત્ર સરિતાઓ, વિશ્વનાં સાગર, પવિત્ર કુંડનાં જળથી જલાભિષેક દ્વારા શુદ્ધિકરણ

જૂનાગઢ, તા. ૨૮

દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા અમરેલી જિલ્લામાં આવેલા કુલ અગિયાર તાલુકાઓ પૈકીના બાબરા તાલુકામાં આવેલું એક નાનકડું ગામ વલારડી પ્રેરક સંદેશો પહોંચતો કરવામાં અગ્રીમ સ્થાને રહ્યુ છે, કેમ કે ગામનાં સીમ વિસ્તારમાં સમસ્ત વઘાસિયા પરિવારનાં સુરાપુરા પાતાદાદાની રણખાંભી દર્શનિય અને પુજનીય બનીને લોકો માટે આસ્થાનું કેન્દ્ર બની રહી છે. પાતાદાદાની નિશ્રામાં કરેલી મનોકામનાં અચુક સફળ રહ્યાની દાર્શનિક વાતો અનેક લોકો માટે શ્રધ્ધાબળમાં વધારો કરી રહી છે. ત્યારે નિરંજન નિરાકારી વેરાઈ માતાની દિવ્ય જ્યોતની નિશ્રામાં બાબરા તાલુકાનાં નાનકડા વલારડી ગામની સીમમાં બીરાજતા સુરાપુરા પાતાદાદાનાં નિજમંદિરનાં જિર્ણોધ્ધાર બાદ નુતન મંદિરને રાષ્ટ્રની વિવિધ સરીતાઓનાં નીર, વિશ્વનાં મહાસાગરનાં નીર અનેદેશનાં પવિત્ર કુંડોનાં જળથી શુધ્ધિકરણ કાર્યક્રમમાં લોકો સ્વયંભુ હજારોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા. વલારડીખાતે દિવ્યજયોતનાં વધામણા/ પોંખણાં અને દર્શન પુજનનો અનેર મહિમા રહ્યો છે. સુરાપુરાનાં નિજમંદિરને પવિત્ર જળથી શુધ્ધિકરણ અવરસને વધાવવા રાજયભરમાંથી વઘાસિયા કુળનાં સભ્યો ઉપસ્થિત રહી, અલૌકીક ક્ષણનાં સાક્ષી બન્યા હતા. ત્રિદિવસીય કાર્યક્રમ દરમ્યાન દેવી ભાગવત કથા, રાત્રીનાં સંતવાણી અને સાંસ્કૃતિક કાર્યક્રમયોજાયા તો ત્રણ દિવસ દરમ્યાન સતત રક્તદાન, આરોગ્ય રક્ષા માટે નિદાન સારવાર, ચકલી બચાવ અભિયાન અંતર્ગત અહિ પધારનાર સૌને ચકલીનાં માળાનું નિ:શુલ્ક વિતરણ, પ્રાકૃતિક ખેતી જન આરોગ્યમાટે આશિર્વાદ રૂપ બને તેવી





સેવાકીય પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી. આ તકે વિવિધ ધર્મ સ્થળોએથી ધાર્મિક જગ્યાનાં સંતોએ ઉપસ્થિત રહીઆશિર્વચન પાઠવ્યા હતા. સતાધાર જગ્યાનાં મહંત વિજયબાપુએ માં વેરાઈની દિવ્યજયોતનાં દર્શન કરી પાતાદાદાનાં નુતન મંદિરે જલાભિષેક કાર્યક્રમમાં હાજરી આપી હતી. સતાધારનાં મહંતશ્રીએ વઘાસિયા પરીવાર અને સતાધારની જગ્યા જાણે પર્યાય હોય તેમ દોઢસો વર્ષથી વઘાસિયા કુળનું સતાધાર જગ્યા સાથે આસ્થા સંધાન હોવાની જાણકારી આપી હતી. દિવ્યજ્યોત નુતન નિર્માણાધિન સંગેમરમર મંદિરનાં નિર્માણકાર્ય અને દિવ્યધામની સેવાકીય પ્રવૃતિની વિગતો આપતા રાજુભાઇ, દિનેશભાઇ, હરેશભાઇ, વિજયભાઇ, મહેશભાઇ સહિત યુવાઓએ સંકલ્પ ત્યાં સિધ્ધીની પ્રતીતિની વાત વર્ણવી હતી. ત્રણ દિવસ દરમ્યાન વલારડી અને આસપાસનાં સમસ્ત ગ્રામજનો આ દૈવી કાર્યમાં સહયોગી બન્યા હતા. આ સામજિક સૌહર્દભર્યા ધર્મકાર્યમાં રાજદ્વારી નેતા ગણ, સામાજિક સેવાકીય પ્રવૃતિસાથે સંકળાયેલ સેવાભવી નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિનો સમૂહ ભોજન સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા

## આયુષ્યમાન કાર્ડ, આધારકાર્ડ અપડેટ, થેલેસેમિયા ટેસ્ટ સહિતના આયોજનો થયા : રક્તદાન કેમ્પમાં ૧૦૧ બોટલ રક્ત એકત્ર થયું



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૮

ખંભાળિયામાં ગઈકાલે રવિવારે રઘુવંશી દાતા સદગૃહસ્થ પરિવાર દ્વારા રઘુવંશી જ્ઞાતિના સમૂહ ભોજન સાથે રક્તદાન કેમ્પ સહિતના વિવિધ સેવાકાર્યો યોજવામાં આવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો-નગરજનો જોડાયા હતા. ખંભાળિયાના અગ્રણી ઓઈલ મિલર સ્વ. પ્રાણજીવન જેઠાલાલ દતાણી પરિવાર દ્વારા ગઈકાલે રવિવારે અત્રેબેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજનવાડી ખાતે વિવિધ સેવા કાર્યો તથા સમૂહ જ્ઞાતિ ભોજન (નાત)નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બપોરે સારસ્વત માસ્તાન સમૂહ ભોજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સાથે યોજવામાં આવેલા આયુષ્યમાન કાર્ડ કેમ્પનો લાભ ૯૦ જેટલા લોકોએ લીધો હતો. તેમજ આધાર કાર્ડઅપડેટ કેમ્પનો લાભ પણ ૭૦ નગરજનોને મળ્યો હતો. દતાણી પરિવારની આ સેવા પ્રવૃત્તિમાં ૧૫૦ જેટલા જ્ઞાતિજનોના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યોજવામાં આવેલા રક્તદાન કેમ્પમાં ૧૦૧ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરી સેવાની જ્યોત જલાવી હતી. રવિવારે રાત્રે રઘુવંશી જ્ઞાતિના ભાઈઓ તથા બહેનોના સમૂહ ભોજન (નાત)ના કાર્યક્રમમાં ખંભાળિયા ઉપરાંત દ્વારકા, સલાયા, બારાડી પંથક ઉપરાંત જામનગરથી પણ જ્ઞાતિ અગ્રણીઓ તેમજ મહાજનના આગેવાનો વિગેરે મોટી સંખ્યામાં જોડાયા હતા અને સમૂહપ્રસાદનો લાભ લીધો હતો. આ સુંદર અને સફળ આયોજનમાં લોહાણા મહાજન ટ્રસ્ટના વડપણ હેઠળ જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ તેમજ આગેવાનો, યુવાનો અને કાર્યકરોએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. જે બદલ આયોજક પરિવારના હિતેશભાઈ દતાણી દ્વારા સર્વેનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# પૂજ્ય મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિ સાથે ગુજરાતના પ્રથમ એ.ડી.શેઠ પત્રકારત્વ ભવનના સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૮

ગુજરાતનાસૌ પ્રથમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એ.ડી. શેઠ પત્રકારત્વ ભવનના ૫૦ વર્ષપૂર્ણ થતાં સુવર્ણ જયંતિ મહોત્સવની ઉજવણી સૌરાષ્ટ્ર હાઈસ્કુલ ખાતે પૂજ્ય મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે પૂજ્ય મોરારિબાપુએ અમૃતલાલ શેઠની બહુમુખી પ્રતિભાને પ્રણામ કરતા કહ્યું હતું કે, વિદ્યા એને કહેવાય જે અમૃત આપે અને જે અમૃતલાલ શેઠે ગુજરાતી પત્રકારત્વ જગતને જ્ઞાન આપ્યું એમની વિદ્યા કેવી હશે ? પત્રકારત્વ વિષય ઉપર જ્ઞાન આપવા માટે હું સક્ષમ નથી પરંતુ એક વાંચક તરીકે હું મારો અભિપ્રાય જરૂર કહીશ. પત્રકાર જગતની ફરજ બને છે કે તેઓ જનતાનો અવાજ સાંભળે અને સત્યને ઉજાગર કરે. પૂજ્ય બાપુએ સત્યની તાકાત વિશે વાત કરતા વધુમાં ઉમેર્યું હતુ કે, જેની વાતમાં તપ હશે તેના શબ્દોમાં તેજ હશે. જ્યાં સત્યનું તપ ચૂકાઈ છે ત્યાં નિર્ભયતા આવી શકે નહિ. સત્યના પહેલા બાળકને અભય કહી શકાય. તેથી જનતાના અવાજને સાંભળીને સત્યને ઉજાગર કરો અને ખૂબ આગળ વધો. તેમજ વ્યવહારૂ જીવનમાં ઉમદા માનવી બનવા માટે કોઈને કશું આપો તો વિશ્વાસ રાખીને આપજો અને કોઈ પાસેથી કશું લો




તો વિચારીને લેજો. જન્મભૂમિ ગ્રુપના સી.ઈ.ઓ અને તંત્રી કુંદનભાઈ વ્યાસે કહ્યું હતું કે, પત્રકારત્વને જાણવા માટે અમૃતલાલ શેઠને જાણવું જરૂરી છે. જેણે અમૃતલાલને નથી જાણ્યા તેમને પત્રકારત્વને નથી જાણ્યું. અમૃતલાલ શેઠએ ગુજરાતી પત્રકારત્વને નવી દિશા આપી હતી અને વિશ્વસનીયતાના માપદંડો સ્થાપ્યા છે. જનતા ઉપર થતા જુલ્મો સામે કલમની તાકાતવડે અનેરી લડાઈ લડી છે. અખબારના માલિક બનવાને બદલે જનતાના સેવક બનીને ટ્રસ્ટની સ્થાપના કરવાનોવિચાર અમૃતલાલ શેઠ જેવી વિરલ વ્યક્તિ જ કરી શકે. આજે ડિજિટલયુગનો જમાનો છે પરંતુ મને વિશ્વાસ છે મુદ્રણ માધ્યમનો સૂરજ સદા ઉદય રહેશે. સત્વ અને તત્વ હશે તો પત્રકારત્વ હમેશાં જીવંત રહેશે. આ વેળાએ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. તેમજ પૂજ્ય બાપુને "રામ દરબાર" અને "રામ સીતા"ની કલાકારી અને પ્રાચીન લીપીથી નિર્મિત સ્મૃતિચિહ્ન અર્પણ કરાયું હતું. આ તકે ભવનના પાયા સમાન ભૂતપૂર્વ વડાશ્રી યાસીન દલાલની સુવર્ણ કારકિર્દી અને તેમના અમૂલ્ય યોગદાન બદલ તેઓને મોમેન્ટો અને પુસ્તક આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ભાવનના વડા ડો. નીતાબેન ઉદાણીએ શાબ્દિક સ્વાગત તથા પૂર્ણાબેન શેઠ અને રાજુલભાઈ દવેએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે ભવનના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને "લક્ષ્યવેધ" પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખાસ અધ્યક્ષ સ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ગીરીશભાઈ ભીમાણી, ફૂલછાબના તંત્રી જ્વલંતભાઈ છાયા, ફૂલછાબનાં પૂર્વ તંત્રી કૌશિકભાઈ મહેતા, સંદેશના નિવાસી તંત્રી જયેશભાઈ ઠકરાર, શિરીષ કાશિકર, સુપ્રસિધ્ધ લેખક ભદ્રાયુ વચ્છરાજાની, પત્રકારત્વ ભવનના અધ્યાપકો તુષાર ચંદારાણા, તૃપ્તિબેન વ્યાસ, ડો.જીતેન્દ્રભાઈ રાદડીયા તેમજ ભવનના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રૂચિર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# જુની પેન્શન યોજનાનાં લટકતા ગાજર વચ્ચે નવી પેન્શન યોજનાને ઉપયોગી બનાવવી જોઈએ

ત્રિપુરા વિધાનસભા ચૂંટણી માટે પોતાનો ઢંઢેરો જાહેર કરતાં કોંગ્રેસે અન્ય લોકરંજક વાયદા કરતાં જે રીતે જૂની પેન્શન યોજના લાગુ કરવાનો પણ વાયદો કર્યો, તેનાથી એ સ્પષ્ટ છે કે તે આ મુદ્દે ચૂંટણી જીતવાનું સ્વપ્ન જોઈ રહી છે. ખબર નહીં તેનું આ સપનું પૂરૂ થશે કે નહીં, પરંતુ એ માનવાનાં ઘણાં કારણો છે કે તે એવા નિષ્કર્ષ ઉપર પહોંચશે કે હિમાચલ પ્રદેશમાં જૂની પેન્શન યોજનાનો વાયદો તેની જીતમાં સહાયક બન્યો.

જોકે કોંગ્રેસ શાસિત રાજસ્થાન અને છત્તીસગઢમાં પણ જૂની પેન્શન યોજના લાગુ કરવાનો વાયદો કરી દીધો છે, તેથી આશ્ચર્ય નહીં કે અન્ય રાજયોમાં પણ અન્ય રાજયોમાં પણ કોંગ્રેસ જૂની પેન્શન યોજનાની વાપસીના વાયદા સાથે ચૂંટણી લડશે. કોંગ્રેસની જેમ અન્ય વિપક્ષી દળો પણજૂની પેન્શન યોજના અપનાવતા દેખાઈ રહ્યા છે. તેમાં આમ આદમી પાર્ટી અને સમાજવાદી પાર્ટી મુખ્ય છે. જોકે રિઝર્વ બેંકની સાથે જ અનેક અર્થશાસ્ત્રીઓ અને ત્યાં સુધી કે કોંગ્રસના સમયે યોજના પંચના ઉપાધ્યક્ષ રહેલા મોન્ટેકસિંહ આહલુવાલિયા એમ કહી ચૂક્યા છે કે જૂની પેન્શન યોજના લાગુ કરવાનો નિર્ણય વાહિયાત છે અને તે આર્થિક દેવાળિયાપણાનું કારણ બનશે, પરંતુ અન્ય પક્ષોનું તો છોડો, ખુદ કોંગ્રેસ પણ તેમનું સાંભળવા તૈયાર નથી.

જ્યારે એ સ્પષ્ટ છે કે જૂની પેન્શન યોજના આર્થિક આપદાનું કારણ બનશે, ત્યારે એ સમજવું મુશ્કેલ છે કે કોંગ્રેસ સહિત અન્ય રાજકીય પક્ષો તેની વકીલાત કેમ કરે છે? આર્થિક નિયમોની આવી ખુલ્લી અવગણના આત્મઘાત સિવાય બીજું કશું નથી. રાજકીય પક્ષો એનાથી અપરિચિત નહીં હોય કે આર્થિક નિયમોની અવગણના કરવી અર્થવ્યવસ્થા સાથે ભાવિ પેઢીને અંધકારમાં ધકેલવા સમાન છે, પરંતુ તેઓ સંકીર્ણ રાજકીય સ્વાર્થ સાધવા માટે જાણીજોઈને આવું જોખમ લે છે. મુશ્કેલી એ છે કે આ કામ કેન્દ્ર સરકાર દ્વારા એ સ્પષ્ટ કરવા છતાં પણ કરાઈ રહ્યું છે કે તે જૂની પેન્શન યોજના લાગુ કરનારાં રાજ્યોને આર્થિક સહયોગ આપી નહીં શકે અને તેણે એવી કોઈ અપેક્ષા પણ ન રાખવી. એની પણ અવગણના ન કરી શકાય કે જે રાજ્યોએ જૂની પેન્શન યોજના પાછી લાવવાની જાહેરાત કરી દીધી છે, તેમને એ સમજાતું નથી કે તેને જમીન ઉપર ઉતારવા માટે આગળ કેવી રીતે વધવું? આ મુશ્કેલી બાદ પણ આશંકા એ જ છે કે આવનાર દિવસોમાં અન્ય રાજ્ય સરકારો વોટબેંક બનાવવા કે પછી ચૂંટણી જીતવા માટે જૂની પેન્શન યોજના લાગુ કરવાની જાહેરાત કરી શકે છે. તેને જોતાં કેન્દ્ર સરકારે એના ઉપર વિચાર કરવો જોઈએ કે નવી પેન્શન યોજનાને આકર્ષક કેવી રીતે બનાવી શકાય? જૂની પેન્શન યોજના તો આર્થિક રૂપે સરકારી ખજાના ઉપર બોજ છે જ, પરંતુ એ પણ સાચું છે કે નવી પેન્શન યોજનાને ઉપયોગી બનાવવાની જરૂર છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે અસત્ય બોલે છે તે પાપની ખાણ છે, જે સત્ય બોલે છે તેની પાસે સુખ ઉમટીને આવે છે.

- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

**: આજનું પંચાંગ :**

**વિક્રમ સં.** ૨૦૭૯, **શા. શાકે.** ૧૯૪૪, **પા.**મેહેર-૧૩૯૨, **મુ.** શાબાન-૧૪૪૪, **જૈન વીર સં.**-૨૫૪૯, **કચ્છી સં.** ૨૦૭૯, ફાગણ સુદ-૯ **શ્રી હરિ જયંતિ** તા.૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩, મંગળવાર, **પારસી તા.**૧૭, **મુસ્લિમ તા.**૭, રોહિણી **નક્ષત્ર,** વિષ્કુંભ **યોગ,** બાલવ **કરણ,** **સૂ.ઉ.**૭:૧૬, **સૂ.અ.**૬:૫૨
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), રાત્રે ૮:૩૫ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- **કનકચંદ્ર સી. વ્યાસ**

મેષ: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મિથુન: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કર્ક: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાશે.
કન્યા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
તુલા: ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
વૃશ્ચિક: અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
ધન: ઘરમાં વાદ-વિવાદના પ્રશ્ન બને. પ્રયત્નો વિલંબથી ફળે.
મકર: આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મીન: પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.

# મજબૂત રોકાણ યોજના સાથે આ વર્ષે મહત્તમ કર લાભ મેળવો અને તમારી નાણાંકીય સુરક્ષા વધારો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨

કેલેન્ડર વર્ષની શરૂઆતને તમારી નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવાનો સારો સમય માનવામાં આવે છે. આ સમય ચાલુ નાણાકીય વર્ષનો અંતિમ ત્રિમાસિક સમય હોવાથી તે અગાઉથી તમારા કર આયોજનની શરૂઆત કરવાની તક પૂરી પાડે છે. કેટલાક લોકો તેમના રોકાણ સાથે પહેલાંથી જ ટ્રેક ઉપર હોય છે ત્યારે અનેક લોકો છેલ્લી ઘડી સુધી દોડવાનું ચાલુ રાખે છે. જો કે, અત્યારે રોકાણ આયોજન શરૂ કરવાથી નાણાકીય રીતે તમે ક્યાં ઊભા છો તે જોવા માટે તમને પર્યાપ્ત સમય મળી રહેશે અને સમયમર્યાદા નજીક આવશે તેમ તમે તમારી કોઈપણ કર જવાબદારીઓ માટે યોગ્ય આયોજન કરી શકશો.

પોલિસીબજાર.કોમમાં રોકાણ વિભાગના વડા વિવેક જૈને જણાવ્યું હતું કે, ‘યુલિપ લિંકડ વીમા યોજનાઓ, ટર્મ લાઈફ ઈન્સ્યોરન્સ, ગેરેન્ટેડ રીટર્ન પ્લાન્સ, સ્વાસ્થ્ય વીમો જેવી યોજનાઓમાં રોકાણ કરીને કર બચતનો લાભ મેળવી શકાય છે. આ યોજનાઓ વ્યક્તિને તેમની કરપાત્રઆવક પર ક્લેમ કરવા સક્ષમ બનાવીને તેમનો એકંદર કર બોજ ઘટાડવામાં મદદ કરે છે. જોકે, રોકાણ અંગે કોઈપણ નિર્ણય લેતા પહેલાં વ્યક્તિના નાણાકીય લક્ષ્યાંકો માટે યોજનાના ફીચર્સ અને તેની યોગ્યતાને ધ્યાનમાં લેવા ખૂબ જ મહત્વના છે.’

યુલિપ્સ (યુનિટ-લિંકડ ઈન્સ્યોરન્સ પ્લાન્સ) જીવન વીમા અને રોકાણના સંયુક્ત લાભ આપતી વીમા પોલિસી છે. તે રિસ્ક કવરેજ અને રોકાણ તકોનું સંયોજન ઓફર કરીને તેને કોઈપણ રોકાણકારોમાં લોકપ્રિય પસંદગી બનાવે છે. યુલિપ્સ ફ્લેક્સિબલ છે અને ઈક્વિટી, ડેટ તથા સંતુલિત ફંડ્સ સહિત રોકાણ વિકલ્પોની વ્યાપક રેન્જ ઓફર કરે છે. તે રોકાણકારોને તેમની જોખમની ક્ષમતા અને નાણાકીય લક્ષ્યાંકોને અનુરૂપ તેમની રોકાણ વ્યૂહરચના પસંદ કરવા સક્ષમ બનાવે છે. યુલિપ્સસ સાનૂકુળ બજાર પરિસ્થિતિઓમાં ૧૨ થી ૧૫ ટકા સુધીનું વળતર આપી શકે છે ત્યારે રોકાણકારોએ એ યાદ રાખવું જોઈએ કે યુલિપ ઉપર વળતરની ખાતરી હોતી નથી અને તે અંતર્ગત અસ્કયામતોના પ્રદર્શન ઉપર આધારિત હોય છે.

# જૂનાગઢ, ગીર સોમનાથ અને પોરબંદર જીલ્લાના શિક્ષકોને રોજગાર કૌશલ્ય વિશે માહિતગાર કરાયા



જૂનાગઢ તા.૨૮

એસબીઆઈ આરસેટી જૂનાગઢ ખાતે સર્વ શિક્ષા અભિયાન અને પી.એસ.એસ. કેન્દ્રિય વ્યવસાહિક શિક્ષણ સંસ્થા, ભોપાલ દ્વારા તા.૨૨ થી ૨૪ ફેબ્રુઆરી દરમ્યાન વ્યાવસાયિક શિક્ષણ માટે રોજગારી કૌશલ્ય વિશે જૂનાગઢ, ગીર-સોમનાથ અને પોરબંદર જિલ્લાના ૫૫ જેટલા શિક્ષકોને માહિતગાર કરાયા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી બી.એચ.વાઢેર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સંસ્થાનું ભૌતિક અને શૈક્ષણિક વાતાવરણ ખૂબ જ પ્રભાવિત લાગ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાઈમરી અને માધ્યમિક શિક્ષણમાં વિકાસ કાર્યોને લઈને માહિતી આપવામાં આવી હતી.

# રઘુવંશી સખી સહિયર વૃંદમાં સભ્ય બનવા શ્રીમતિ ચેતનાબેન મિશ્રાણીની અપીલ

જૂનાગઢ, તા.૨૮

જૂનાગઢના રઘુવંશી સમાજની ગૌરવવંતી સંસ્થા કે જેમાં સભ્ય ફી, ડોનેશન, એન્ટ્રી ફી લીધા વગર માત્ર બહેનો દ્વારા સંચાલિત સતત બૌધિક અને મનોરંજનના કાર્યક્રમોનું આયોજન કરી ઈનામો આપી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર રઘુવંશી સખી સહિયર વૃંદ કે જે સંસ્થાના પ્રમુખ શ્રીમતિ ચેતનાબેન મિશ્રાણી તથા ઉપપ્રમુખ શ્રીમતિ કનકબેન રૂપારેલીયાના સીધા માર્ગદર્શન હેઠલ કાર્યરત છે જેમાં વ્હેલાસર સભ્યપદ નોધાવવા તમામ રઘુવંશી બહેનોને મારી નમ્ર અપીલ છે. આ અંગે વધુ માહિતી માટે પ્રમુખ ચેતનાબેન મિશ્રાણી, કારોબારી સભ્યો જ્યોતિબેન સોઢા, પ્રફુલાબેન ઠકરાર, રક્ષાબેન સાંગાણી, ભાવનાબેન અઢિયા, આરતીબેન કારિયા, રેખાબેન ગોટેચા રઘુવંશીસખી સહિયર વૃંદ, જૂનાગઢ મો.નં. ૯૮૯૮૮૪૭૪૭૫ નો સંપર્ક સાધવા જણાવેલ છે.

## ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિવર્સિટી મહીલા ક્રીકેટ ટુર્નામેન્ટ માટે

# જેતપુરની જાહન્વી સાવલીયા તથા ગુજરાતી કરીનાની સૌરાષ્ટ્ર યુની. મહીલા ક્રિકેટ ટીમમાં પસંદગી



જૂનાગઢ તા. ૨૮

હીરપરા મહિલા કોલેજ જેતપુરના પી.ટી.આઈ. ડો. આર.વી. સરવૈયા, ક્રિકેટર જાહન્વી સાવલીયા અને ગુજરાતી કરીનાને માજી ડીસ્ટ્રીકટ ક્રિકેટ કોચ તથા હાલ જીલ્લા પંચાયત સ્પોર્ટસ કલબનાં ચીફ ક્રિકેટ કોચ હનિફભાઈ કુરેશી પાસે ઉચ્ચ સ્તરનું ક્રિકેટ કોચીંગ માટે લઈ આવેલ બંને ખેલાડીનું ટેસ્ટ લેવામાં આવેલ. ત્યારબાદ ઉચ્ચ સ્તરનું ક્રિકેટ કોચીંગ દોઢ માસ આપેલ. જેના ફળ સ્વરૂપે ઓલ ઈન્ડીયા મહિલા ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટ માટે સૌરાષ્ટ્ર યુની. મહીલા ક્રિકેટ ટીમમાં બંને ખેલાડી સાવલીયા જાહન્વી તથા ગુજરાતી કરીનાની પસંદગી તથા ડો. સરવૈયા તથા બંનો ખેલાડીઓએ ચીફ ક્રિકેટ કોચ હનિફભાઈ કુરેશીનો સાચા દિલથી આભાર વ્યકત કરેલ.આ બંને ખેલાડી ઓલ ઈન્ટર યુનિ.મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ રમવા તા.૧૦-૩-૨૦૨૩ થી તા.૧૮-૩-૨૩ સુધી ઓરીસ્સા ‘ભુવનેશ્વર’ ખાતે સૌરાષ્ટ્ર યુની. મહીલા ક્રિકેટ ટીમનું પ્રતિનિધિત્વ કરશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

# પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું છે, “પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાંય અધિક છે. રત્ન બહારની ચમક બતાવે છે. જયારે પુસ્તક અંતઃકરણને ઉજ્જ્વળ કરે છે.” જ્યારે આપણે આગની નજીક બેસીએ તો ગરમી અનુભવ કરીએ છે. જ્યારે બરફના પહાડની પાસે બેસીએ ત્યારે ઠંડી લાગે છે. ફૂલોના બગીચામાં બેસીએ ત્યારે આપણે સુગંધ મળે છે. જ્યારે ચેપી રોગી વ્યક્તિની સાથે બેસીએ તો તે રોગ વ્યક્તિને પણ ચેપ લગાડી શકે છે. આજે દરેક વ્યક્તિ કોઈ ને કોઈ કારણથી પરેશાન છે, ઉદાસ છે, દૂઃખી છે, તણાવગ્રસ્ત છે, કોઈ ને કોઈ રોગથી પીડિત છે. જે સિદ્ધ કરે છે કે વ્યક્તિની આંતરિક સંગત બરાબર નથી. દરેક વ્યક્તિ કોઈ ખોટા લક્ષ્યો, કાર્યો અને વ્યક્તિ સાથે સંગત કરી રહ્યા છે, જેના કારણે આજે સંસારમાં બધા દૂઃખી છે. જ્ઞાન વિના કોઈ પણ સમસ્યામાંથી મુક્તિ મળી શકે નહીં. જ્ઞાન પ્રાપ્તિના બે જ સાધનો છે. એક છે સત્સંગ અર્થાત ધાર્મિક સ્થાન અને શાળા તથા કોલેજ. બીજું છે સ્વાધ્યાય અર્થાત પુસ્તકો. દરેક સમયે સત્સંગ થઈ શકે નહીં. પરંતુ પુસ્તક દરેક સમયે ઉપલબ્ધ હોય છે. પુસ્તક એ જ્ઞાનનો મહત્વનો સ્ત્રોત છે. પુસ્તકો એકાંતના સાથી છે. પુસ્તકોમાંથી આ લોક અને પરલોક સુધારવાનું શિક્ષણ મળે છે. પુસ્તકોના વાંચનથી આનંદની અનુભૂતિ થાય છે. બુદ્ધિમાન વ્યક્તિ ખાલી સમયમાં વાંચન જેવી પ્રક્રિયામાં સમય સફળ કરે છે. પુસ્તકોના વાંચનથી આપણે નવી દિશા મળે છે. પુસ્તકો એકતા અને અખંડતાના પાઠ શીખવે છે. તે મહાન કાર્યો કરવાની પ્રેરણા આપે છે. પુસ્તક એક જાગૃત દેવતા છે. જીવનમાં ક્યારેય પણ કોઈ માર્ગદર્શકની જરૂરિયાત ઊભી થાય તો પુસ્તકોની મદદ લેવી જોઈએ. આપણાં મિત્ર, માર્ગદર્શક નારાજ થઈ શકે, કોઈ અપેક્ષા રાખી શકે, આપણો સાથ પણ છોડી દે છે. પુસ્તકો એવા નિરપેક્ષ સાથી છે જે આપણને ફકત આપે છે, ક્યારેય આપણો સાથ છોડતા નથી. વિષમ પરિસ્થિતોમાં પણ સાથે રહે છે. ન ક્યારેય નારાજ થાય. મૌન રહીને પણ ઘણું બધુ સમજાવી જાય છે. પુસ્તકોનું મહત્વ કોઈ પણ યુગમાં ઓછું થઈ શકશે નહીં. અબ્રાહમ લિંકન જેવા અનેકો ચતુર લોકોએ ખુબજ વિપરીત પરિસ્થિતિઓમાં પણ વાંચન કર્યું. વાંચન થકી તેઓએ ફક્ત પોતાનું જિવન પરીવર્તન જ નહીં પરંતુ ઈતિહાસની દિશા જ બદલી નાખી. લિંકનના માતા વાચી શકતા પરંતુ તેઓ લખતા ક્યારેય શીખ્યા ન હતા. તેઓના પિતા ફક્ત પોતાનું નામ જ લખી શકતા હતા. પરંતુ અબ્રાહમ લિંકનનો પુસ્તકો પ્રત્યે સ્વાભાવિક જ લગાવ હતો. સાત વર્ષની ઉંમરે સપ્તાહમાં બે દિવસ સ્કૂલ જઈને વર્ણમાલા શિખતા હતા. કિશોર અવસ્થામાં ૫૦ માઈલના દાયરામાં રહેતા દરેક પાડોશી પાસેથી પુસ્તકો ઉધાર માંગીને વાચી લેતા હતા. તેઓને જ્યારે પણ પુસ્તકો વાચવાની તક મળતી તેઓ તરત જ તેનો લાભ લઈ લેતા. જયારે બીજા બાળકો ખેલ કુદમાં સમય



આપતા ત્યારે અબ્રાહમ લિંકન પુસ્તક લઈને વૃક્ષ નીચે બેસી જતાં. લંચના સમયે બધા લોકો આરામ કરતાં પરંતુ તેઓ વાંચન કરતાં. એવા ઘણા સ્ત્રી-પુરુષ થયા કે જેઓએ વાંચન દ્વારા પોતાના જીવનની કાયા કલ્પ કરી નાખી અને આગળ જતાં મહાન પુરૂષ બન્યા. વાંચન એક શ્રેષ્ઠ નેતા બનવાનો પાયો છે. યાદ રહે કે દરેક વાચક નેતા નથી હોતા પરંતુ દરેક નેતા સારા વાચક હોવા જોઈએ. પુસ્તકો ઈતિહાસના સર્વશ્રેષ્ઠ ચિંતકો માટે સર્વશ્રેષ્ઠ માધ્યમ રહ્યા છે. એક મેનેજમેંટ વિશેષજ્ઞ પૂરી દુનિયાની યાત્રા કરતાં હતા. તે હંમેશા કોઈને કોઈ નવી પુસ્તક ઉપર કામ કરતાં રહેતા. જેમાંથી મોટા ભાગની બેસ્ટ સેલર હતી. તેમ છતાં તેઓને રોજ અલગ અલગ વિષયો ઉપર ૩-૫ કલાક વાચવાનો સમય મળી જતો. તેઓ અમુક વર્ષોમાં કોઈ એક વિષય લેતા અને ત્રણ વર્ષ સુધી તે વિષય ઉપર વાંચન કરતાં. એક વિશેષજ્ઞ બનવા માટે તે પર્યાપ્ત નથી પરંતુ તે ક્ષેત્રની પાયાની જાણકારી મળી જાય છે. તમારૂ જ્ઞાન અને અનુભવ જ તમારી સાચી સંપત્તિ છે. વાંચનમાં એટલી શક્તિ છે કે એક પુસ્તક કે એક વાક્ય તમારૂ જીવન બદલી શકે છે. લેખિત શબ્દો ખુબજ શક્તિશાળી હોય છે. જીવનની સાચી દિશા નક્કી કરવાની પ્રેરણા આપવાની અસિમ શકિત પુસ્તકોમાં સમાયેલી છે. પુસ્તકોમાંથી નવી દીશા મળે છે. તે ચરિત્ર નિર્માણનું સર્વોત્તમ સાધન છે. જેમ ખરાબ ભોજન સ્વાસ્થ્યને નુકશાન કરે છે તેમ ખરાબ પુસ્તક ચરિત્રને નુકશાન કરે છે. આથી કેવા પુસ્તકો વાંચવા અને કેવા પુસ્તકો ન વાંચવા એ નિર્ણય પણ અગત્યનો છે. પુસ્તકો આપણને મહાન કાર્યો કરવા પ્રેરણા આપે છે. પુસ્તકો જ સભ્યતાના મૂળ છે. પુસ્તકો આજ્ઞાચક્રને જાગૃત કરવાના પ્રેરક છે. જેને પુસ્તકોથી પ્રેમ છે તેનું ભવિષ્ય ઉજ્જ્વળ છે તેમ કહી શકાય. તે ક્યારેય તણાવગ્રસ્ત થતાં નથી અને એકલતા અનુભવતા નથી. કારણ કે પુસ્તકો જેવા શ્રેષ્ઠ મિત્ર બીજા કોઈ હોય ના શકે. એક સારું વાંચન કરનાર વ્યક્તિ એકાંતમાં પુસ્તકોમાથી નવીન જ્ઞાન અર્જિત કરશે અને જીવન સાર્થક બનાવશે. પુસ્તકો એ પ્રકાશસ્તંભ છે જે ભટકતા પથિકને રસ્તો બતાવે છે. ધ્રુવ તારાની જેમ અટલ અને પ્રકાશિત રહી બધાનું નિષ્પક્ષ માર્ગદર્શન કરે છે. તેની સંગતથી કુસંગતનો ખતરો રહેતો નથી. સારા પુસ્તકો વાંચવાથી માનસિક તણાવ સમાપ્ત થઈ જાય છે. મન આમ તેમ ભટકવાનું બંધ થઈ જાય છે. બાળકો તથા વૃદ્ધોને સારી સારી પુસ્તકો વાંચવા માટે આપવી જોઈએ અથવા કોઈ સારી પુસ્તક વાંચી સંભળાવવી જેનાથી એકબીજા સાથે તાલમેલ બની રહે અને પરિવારમાં પ્રેમ પણ વધશે. પુસ્તકો આપણે અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે. મુશ્કેલ સમસ્યાઓનું નિદાન કરે છે. પુસ્તકોની સંગત આત્મબળનું સર્વશ્રેષ્ઠ સાધન છે. તે નર્કને સ્વર્ગ બનાવવાની ક્ષમતા રાખે છે. મૂર્ખ લોકો પોતાનો કીમતી સમય વ્યસન, નિંદ્રા અથવા કલેશમાં વેડફે છે. સમજદાર લોકોનો સમય અધ્યાયનમાં વ્યતીત થાય છે. રાષ્ટ્રના ઉત્થાનમાં પુસ્તકોનું વિશેષ મહત્વ છે. પુસ્તકો વાંચનાર વ્યક્તિઓ પોતાના જીવનમાં તો ઠીક પરંતુ બાદમાં પુસ્તકનાં રૂપમાં અમર થઈ જાય છે. જ્યારે આપણે તેની પુસ્તક વાંચીએ ત્યારે એવું જ લાગે જાણે આપણે તેની સાથે જ છીએ. જેમ શાકભાજી, ફળ અને મીઠાઈઓ શરીર માટેનો ખોરાક છે. પુસ્તકો આપણા દિમાગ માટેનું ભોજન છે. જો સારું માનસિક ભીજન લઈએ તો આપણું મન સ્વસ્થ રહે છે. આથી દિમાગને સ્વસ્થ રાખવા માટે સારી પુસતકોનો અભ્યાસ કરવો જોઈએ. ભલે તમે કેટલા પણ વ્યસ્ત હોય જમવાનું તો જમો જ છો ને... તેવી જ રીતે રોજ ૨૦ પેજ વાંચવા તે મનુષ્યના દિમાગનો એક દિવસ નો ખોરાક છે. વર્તમાન આધુનિક ડિજિટલ યુગમાં દરેક વ્યક્તિના હાથમાં એક એવું સાધન આવી ગયું છે જે આપણી સાચી અને કીમતી સમયરૂપી સંપત્તિને વેડફવાનું સૌથી મોટું કારણ બની ગયું છે તે છે ‘સ્માર્ટ ફોન’. નાના બાળકો થી લઈને તમામ લોકો દિનપ્રતિદિન વ્યસની બનતા જઈ રહ્યા છે. ખાસ કરીને યુવાઓ દિવસની કીમતી કલાકો મોબાઈલ માં વેડફી રહ્યા છે જે એક ચિંતા નો વિષય છે. આથી દરેક માતા-પિતાએ બાળકને નાનપણથી જ પુસ્તકો પ્રત્યે વધુ સજાગ કરવા જરૂરી છે. બાળકની સર્જનાત્મકતાનો વિકાસ થાય તે માટે વિચારવું જોઈએ. ઈન્ટરનેટ અને મોબાઈલ જેવી ટેકનોલોજી અમુક અંશે બાળકોની વિચારશકિત ને નકારાત્મક અસરો પણ કરે છે. આથી જીવન ઘડતરના પાયામાં જ શ્રેષ્ઠ પુસ્તકોના મહત્વને સમજવું આજના સમયની માંગ છે અને એ દિશામાં યોગ્ય પગલાં પણ લેવા જોઈએ. શ્રેષ્ઠ સમય ઉપર શ્રેષ્ઠ પુસ્તકનો અભ્યાસ તમારૂ જીવન બદલી શકે છે. એક સારી પુસ્તકમાં એક સારી બેંકથી પણ વધુ અવિનાશી ધન હોય છે. અધ્યયનમાં તમારી ક્ષમતાઓ બહાર લાવવાનું સામર્થ્ય છે જે કોઈ અન્ય ગતિવિધિઓમાં નથી. સફેદ કાગળ ઉપર છપાયેલા કાળા અક્ષરોમાં જીવન બદલવાની મહાન શક્તિ છે.

- **ડો. તૃપ્તિ છાંટબાર**

# શાપુર-સરાડીયા ટ્રેન પુર્નઃ શરૂ કરવા બાંટવા ખાતે સાંસદ રમેશભાઈ ધડુકની હાજરીમાં બેઠક મળી

## આગામી ૧૪ માર્ચના કેન્દ્રીય રેલ્વે મંત્રીને પ્રતિનિધિ મંડળ મળશે

જૂનાગઢતા. ૨૮

બાંટવા નગરપાલિકાના મીટીંગ હોલમાં શાપુર-સરાડીયા ટ્રેન પુર્નઃ સ્થાપિત કરવા અને સરાડીયાથી આગળ રાણાવાવ-વાંસજાળીયા સાથે જોડવા માટે વિશાળ સંખ્યામાં મીટીંગ મળી હતી. જેમાં પોરબંદરના સાંસદ રમેશભાઈ ધડુકએ ખાત્રી આપી છે કે, હું તમને મદદ કરીશ, મારે બીજી વખત તમારી પાસે આવવું છે. શાપુર-સરાડીયા ટ્રેન માટેના રૂા.૬૦૦ કરોડની દરખાસ્ત મોકલવામાં આવી છે તે કયાં અટવાઈ છે? તે સવાલ છે. જયારે સરાડીયાથી આગળ ભાદર નદી ઉપર પુલ બનાવી વાયા કુતિયાણા-રાણાવાવ સાથે જોડ્વા માટે વધારાની દરખાસ્ત મોકલી આપીશ તેવી ખાત્રી આપી હતી.

આ લડતમાં હું તમારી સાથે છું. ઉદ્યોગ સાથે વિકાસ માટે આ ટ્રેન જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. લોક લડતના આગેવાન (પ્રણેતા) લોક પ્રહરી રાકેશ લખલાણીએ જણાવ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષમાં આ સોરઠ કેબરડા વિસ્તારનો એકમાખીના ટાંગા જેટલો પણ વિકાસ થવા પામ્યો નથી. કોણે શું કર્યુ? તેમાં નથી પડવું હવે લોકો જાગી ચુકયા છે. આ લડત બીન રાજકીય લડત છે. તેમાં હું કોઈ બાંધછોડ કરીશ નહીં. કદાચ મારો ભોગ આપવો પડે તો પણ મે તૈયારી રાખી છે તેમ જણાવ્યું હતું.

સરાડીયાથી આગળ સ્ટેટ હાઈવેની લગોલગ રેલ્વે ટ્રેક બનાવી કુતિયાણા નજીક રેલ્વે સ્ટેશન બનાવી ત્યાંથી બાલવા રેલ્વે સ્ટેશન જોડવા માટે માત્ર ૩૪ કિ.મી.નું બહુજ ટુંકું અંતર હોય જેથી બહુ ઓછા ખર્ચે તેમજ ખેડુતોની મહામુલી જમીન ઓછી કપાય તે રીતે આ ટ્રેનને રાણાવાવ સાથે જોડી શકાય તેમ હોવાનું જણાવ્યું હતું. બાંટવાના નગરપતિ રાજકુમાર વાધવાણીએ જણાવ્યું હતું કે, બાંટવા વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપિત કરવા માટે ટ્રેન જરૂરી ગણાવી હતી.

કુતિયાણા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ સુરેશભાઈ કડછાએ જણાવ્યું હતું કે, કૃષ્ણ ભગવાનની દ્વારકા નગરી પોરબંદરમાં કૃષ્ણ ભગવાનના મિત્ર સુદામાપુરી જૂનાગઢમાં કૃષ્ણ ભગવાનના ભકત નરસિંહ મહેતાની નગરી અને દ્વાદશ જયોર્તિલીંગમાં પ્રથમ સ્થાને બિરાજતા સોમનાથ દાદા સાથે આ ટ્રેન ઓછા ખર્ચે યાત્રાધામ બની શકે તેમ છે. સાંસદ રમેશભાઈ ધડુકે આગેવાનોને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને મળવા જશુ તો પણ તેઓ રેલ્વેમંત્રીને મળવાનું કહેશે તો આપ સૌ ૧૨ થી ૧૫ લોકોનું પ્રતિનિધિ મંડળ આગામી ૧૪મી માર્ચે દિલ્હી આવો હું સાથે રહીને આ પ્રશ્નનું નિરાકરણ લાવી આપીશ તેની ખાત્રી આપી હતી.

# જૂનાગઢ મનપા દ્વારા વોર્ડવાઈઝ ફલુ વાયરસની સારવાર અપાશે

જૂનાગઢતા. ૨૮

જૂનાગઢ શહેરમાં મિશ્રઋતુને કારણે વાતાવરણ ખુબજ ખરાબ હોવાથી ફલુવાયરસ તેજ ગતિથી ફેલાઈ રહયો છે જેના કારણે અનેક લોકો બિમાર પડી રહયા છે. જેની તકેદારીના ભાગરૂપે જૂનાગઢ મહાનગરના મેયર ગીતાબેન પરમાર દ્વારા જૂનાગઢની જનતાના આરોગ્યની ચિંતા કરી અને જૂનાગઢ મહાનગરપાલિકા હસ્તકના વોર્ડવાઈઝ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ફલુ વાયરસની સારવાર તેમજ દવાઓ ઉપલબ્ધ કરાવવા તેમજ દરેક વોર્ડના લોકો નજીકના અર્બન હેલ્થ સેન્ટર ખાતે જઈ સારવાર લઈ શકે અને લોકો આ ફલુ વાયરસના સંક્રમણથી સુરક્ષિત થાય અને લોકજાગૃતિ આવે તેવા પગલા લેવા અંગે તાત્કાલીક કાર્યવાહી કરવા અંગે હેલ્થ ઓફીસરને સુચના આપવામાં આવેલ છે.

# દ્વારકા શારદાપીઠ ખાતે માતૃભાષા સજ્જતા, ભાષાસંરક્ષણ, ભાષા સવર્ધન કાર્ય શિબિર યોજાઈ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૮

દ્વારકા શારદાપીઠ કોલેજ ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન, ગાંધીનગર દ્વારા તા.૨૫-૨-૨૦૨૩ના શ્રી શારદાપીઠ કોલેજ દ્વારકામાં ભાષાસજ્જતાઃ ભાષાસંરક્ષણઃભાષાસવર્ધન કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ, બાળ સાહિત્યકાર અને વાર્તાકાર ડો.ઈશ્વરભાઈ પરમાર, તેમજ મુખ્ય વકતા તરીકે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહ તેમજ જાણીતા લેખક અને કવિ નૈષધભાઈ મકવાણા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંયોજક ડો. ભાવેશભાઈ મહેતા વગેરેએ માતૃભાષા ઉપર પોતાના વિચાર વ્યક્ત કર્યા હતા. આ તકે શિક્ષણ પ્રેમીઓ તથા ભાષા પ્રેમીઓ હાજર રહ્યા હતા. આ સાથે કેપ્ટન વણકરની પ્રેરણાથી દિલ્હી મુકામે ૭૪માં પર્વની રાષ્ટ્રીય પરેડમાં મુસ્કાન મકરાણીએ શારદાપીઠ કોલેજનું પ્રતિનિધિત્વ કરેલ છે. તેને કોલેજ દ્વારા સન્માન પત્ર આપવામાં આવેલ. આ સાથે કોલેજના આચાર્ય ડો. એસ. એ વાઢેરની જહેમત દ્વારા કાર્યક્રમ સફળ બન્યો હતો. આ સાથે ગુજરાતીના પ્રાધ્યાપક ડો. ગોસ્વામી તેમજ કોલેજના સમગ્ર સ્ટાફ અને દ્વારકાની વિવિધ શાળાઓમાંથી આવેલ સ્ટાફ ગણ, તાલીમાર્થીઓ અને વિદ્યાર્થીઓનો પૂરો સહયોગ મળેલ છે. તેમજ આ સાથે કાર્યક્રમનું સફળ સંચાલન ડો. વિપુલાબેન વાઘેલા અને આભાર દર્શન પ્રા. રમણીબેન પટેલે કરેલ હતું.

## ખંભાળિયામાં સુફી સંત શ્રી શંકર ડાડાને શ્રદ્ધાંજલિ અપાઈ

### ભજન, ધૂન, રક્તદાન કેમ્પ, પ્રસાદના કાર્યક્રમો યોજાયા



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૮

જાણીતા સુફી સંત પૂજ્ય શ્રી શંકરડાડાની ૩૫મી પુણ્યતિથિ નિમિત્તે ખંભાળિયામાં શનિવારે રાત્રે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ખંભાળિયા-દ્વારકા હાઈ-વે ઉપર કુવાડીયા ગામના પાટીયા પાસે આવેલી સંત શ્રી શંકરડાડાની વાડી ખાતે શનિવારે રાત્રે ભજન સંતવાણીના કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા કલાકારો તેમજ લોક સાહિત્યકાર દ્વારા ભજન-ધૂનની રમઝટ બોલાવવામાં આવી હતી. આ પ્રસંગે રક્તદાન કેમ્પ તથા સમૂહ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લોક ડાયરામાં એકત્ર થયેલો નોંધપાત્ર ફાળો ગૌસેવાના લાભાર્થે અર્પણ કરવામાં આવ્યો હતો. આ આયોજનમાં ખંભાળિયા તથા આસપાસના વિસ્તારો તેમજ દૂર દૂરથી આવેલા મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા.

# સ્વિટ્ઝર્લેન્ડમાં વિશ્વની સૌથી મોંઘી શાળા, બાળકોની ફીના ૧ કરોડ ૩૪ લાખ રૂપિયા





બર્નતા. ૨૮

જ્યારે અભ્યાસની વાત આવે છે, ત્યારે આપણે બાળકોને શ્રેષ્ઠ આપવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ માટે, અમે આપણી સંપૂર્ણ શકિત લગાવી દઈએ. ઘણી વખત બચત પણ તેમના બાળકોના શિક્ષણમાં મૂકે છે. ફક્ત આશા એક જ હોય કે બાળકો સારી રીતે અભ્યાસ કરી શકે છે. તેઓ શાળા-કોલેજમાં સારૂં વાતાવરણ મેળવી શકે છે. આજે અમે તમને અહીંની દુનિયાની સૌથી મોંઘી શાળાઓ વિશે જણાવી રહ્યા છીએ. અહીં જણાવેલ સસ્તી શાળાની એક વર્ષની ફી ૨૫ લાખ રૂપિયા છે. તે જ સમયે, સૌથી વધુ ખર્ચાળ શાળા ફી રૂા. ૧.૩૪ કરોડ છે.

Collège Alpin Beau Soleil, આ શાળા સ્વિટ્ઝર્લેન્ડમાં છે. અહીં લગભગ ૩૦૦ બાળકો અભ્યાસ કરે છે. ૫૦ થી વધુ દેશોના બાળકો આ શાળામાં અભ્યાસ કરવા આવે છે. અહીં વર્ષ-લાંબી ફી વિશે વાત કરતા, તે ૧૫૦૦૦૦ સ્વિસ ફ્રાન્સ છે. જો તમે તેને ભારતીય ચલણમાં જુઓ, તો વર્તમાન દર અનુસાર, તેના શિક્ષણના એક વર્ષની કિંમત લગભગ ૧ કરોડ ૩૪ લાખ ૨૮ હજાર ૧૯૧ રૂપિયા છે.

Institut Le Rosey, Rolle, Switzerland, આ શાળા પણ સ્વિટ્ઝર્લેન્ડમાં છે. લગભગ ૪૨૦-૪૩૦ બાળકો અહીં અભ્યાસ કરે છે. લગભગ ૬૫ દેશોના બાળકો અહીં અભ્યાસ માટે આવે છે. અહીં વર્ષ-લાંબી ફી વિશે વાત કરતા, તે ૧,૨૫,૦૦૦ સ્વિસ ફ્રાન્સ એટલે કે ૧,૧૧,૯૮,૧૯૬ એક કરોડ ૧૧ લાખ ૯૮ હજાર ૧૯૬ રૂપિયા છે.

હર્ટવુડ હાઉસ સ્કૂલ, યુકે, આ શાળા યુનાઈટેડ કિંગડમ એટલે કે યુકેમાં છે. આ શાળામાં પ્રવેશ ઈન્ટરવ્યૂ અને સંદર્ભના આધારે છે. અહીં વાર્ષિક ફી લગભગ ૨૫૨૮૪ પાઉન્ડ છે, જો તમે તેને ભારતીય ચલણમાં જુઓ, તો લગભગ ૨૫ લાખ ૨૦ હજાર ૩૯૭ રૂપિયા.

THINK Global School, આ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૬૦-૭૦ છે. પરંતુ અહીં વાર્ષિક ફી ૯૪,૦૫૦ યુએસ ડોલર એટલે કે લગભગ ૭૭,૦૦,૦૦૦ રૂપિયા છે. આ એક મુસાફરી શાળા છે. અહીં વિદ્યાર્થીઓ દર વર્ષે ૪ દેશોમાં રહે છે.

# સોમનાથની બજાર રંગ-રાગ અને ભક્તિના મહાપર્વ હોળી-ધુળેટીના તહેવારો અંગે સજ્જ



(મિનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસપાટણ તા. ૨૮

વિશ્વપ્રસિધ્ધ સોમનાથ મહાદેવનું નગર સોમનાથ હોળાષ્ટક બેસતા જ આગામી હોળી-ધૂળેટીના મહાપર્વ ઉજવવા સજ્જ થઈ રહયું છે. પ્રભાસ પાટણ મેઈન બજારમાં સુરેશ બ્રધર્સ નામની કરીયાણાની દુકાન ધરાવતા સુરેશ ધામેચા કહે છે કે તેઓએ દર વર્ષની જેમ હોળીની ખરીદી માટે દાળીયા, ખજુર, ધાણી, કોપરા, પતાસા, હારડા, ખારેક દુકાનમાં આકર્ષક રીતે ગોઠવી દીધા છે અને આગામી દિવસોમાં રંગ અને ગુલાલ પણ ગોઠવી દઈશું.

સોમનાથના વનવગડાની સીમમાં લાલચટુક કેસુડાના ઝુંડના ઝૂંડ વૃક્ષો ફાગણ આવે છે તેની છડી પોકારી રહયા છે. તો દીવના સુપ્રસિધ્ધ રમેશ રાવલે પોતાના સોશ્યલ મિડીયા ફેસબુકમાં ફાગણ સંબંધીત ગીતોને કેસુડાની બોર્ડર શણગાર આપી ફાગણ આગમન વધામણી પ્રસન્ન અભિવ્યક્ત કરી છે. શ્રમિક એરિયામાં હોળી-ધૂળેટીના આગમન અંગે ખુબજ ઉત્સાહ છે. આમ રંગ-રાગ અને ભક્તિના પર્વમાં રસતરબોળ થનગનાટ સોમનાથ પંથકમાં છે.

# માંગરોળમાં બુથ સશકિતકરણ અંગે પ્રશિક્ષણ વર્ગ યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૮

પ્રદેશ જિલ્લા ભાજપ સુચનાથી થયેલ આયોજન મૂજબ તા.૨૬-૨-૨૦૨૩ને રવિવાર માંગરોળ શબિરહાઉસ ખાતે બપોરે ૧૧ કલાકે બુથ સશક્તિકરણ તેમજ મન કીબાત અને માંગરોળ તાલુકા અને શહેર ભાજપ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરેલ હતું. પ્રથમ દીપ પ્રાગટ્ય કરી મનકી બાત કાર્યક્રમ સાંભળી તે વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી અને મંડલ બુથ સશકિતકરણ ઈન્ચાર્જ



હિરેનભાઈ સોલંકી દ્વારા આગામી લોકસભાની ચૂંટણી પહેલા દરેક બુથ ઉપર ભાજપનું પ્રભુત્વ જમાવવા પેજ પ્રમુખથી લઈ શકિત કેન્દ્ર સંયોજક સુધીનું સત્યાપન કરવા વગેરેથી તમામ કાર્યકર્તાને માહિતગાર કર્યા હતા. તેમજ શહેર પ્રભારી ભરતભાઈ ચારિયા દ્વારા પણ સરળ એપ ડાઉનલોડ કરવા અને પોતાના બાયોડેટા માટે ફોર્મ ભરવા વિશેની માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સદસ્ય સોમાતભાઈ વાસણ, તાલુકા ભાજપ પ્રમુખ દાનાભાઈ બાલસ, શહેર ભાજપ પ્રમુખ લિનેશભાઈ સોમૈયા, તા.પંચાયત પ્રમુખ જેઠાભાઈ ચુડાસમા, તાલુકા શહેર ભાજપ મહામંત્રીઓ ધનસુખભાઈ હોદાર, આશિષભાઈ પંડ્યા, પરબતભાઈ જોટવા, તાલુકા પંચાયત ચેરમેન ગોવાભાઈ ચાંડેરા તેમજ તાલુકા અને શહેર મંડલના હોદેદારોની ટીમ, મોરચાના પ્રમુખ, મહામંત્રી, ચૂંટાયેલા તાલુકા અને નગર પંચાયત સભ્ય, શકિત કેન્દ્ર સંયોજક પ્રભારી વગેરે હાજર રહેલ હતા. કાર્યક્રમનું સંચાલન તાલુકા ભાજપ મહામંત્રી દાનાભાઈ ખાંભલા દ્વારા કરવામાં આવેલ હતું.

## માણાવદર પાલિકાની સબવાહિનીમાંથી મૃતદેહ પડી જાય તેવી ખખડધજ સ્થિતી



માણાવદર તા. ૨૮

માણાવદર પાલિકાની સબવાહિનીમાં જયાં મૃતદેહ રાખવાની જગ્યા છે તેને અડતા જ ધ્રુજવા લાગે છે અને નીચે જોતા ફલોરીંગમાં પતરા નીચે કોઈ સપોર્ટ જ નથી તેવી ખખડધજ હાલત છે. તેથી જો કોઈ અજાણ્યા લોકો આ વાહિનીમાં અંતિમયાત્રા લઈ જતા હોય ત્યારે પતરા તુટી જાય તો મૃતદેહ નીચે પડી જાય તેવી હાલત હોવાથી સતત ભય રહે છે. પાલિકા પાસે તમામ બીલો ચુકવવા માટે રૂપિયા છે પરંતુ નવી સબવાહિની લેવા માટે કોઈ જોગવાઈ નથી. ત્યારે પાલિકા તંત્ર દ્વારા સત્વરે નવી સબવાહિનીની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

# કેશોદ સમ્યક સેવા સમિતિ આયોજિત સમુહ લગ્નોત્સવ યોજાયો

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદતા.૨૮

કેશોદ ખાતે તથાગત બુદ્ધ સમૂહ લગ્ન સેવા સમિતિ અને સમ્યક સેવા સમિતિ દ્વારા સમૂહ લગ્નનું આયોજન થયું હતું. જેમાં અનુંસુચિત જાતિ સમાજના નવ યુગલોએ નવજીવનની શરૂઆત કરી હતી. કેશોદ વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષથી તથાગત બુદ્ધ સમૂહ લગ્ન સેવા સમિતિ અને સમ્યક સેવા સમિતિ દ્વારા સમૂહ



લગ્ન થઈ રહ્યા છે. ત્યારે કેશોદ મુકામે ભવ્ય સમૂહ લગ્નને સફળતા મળી હતી અને બહોળી સંખ્યામાં અનુસુચિત જાતિ સમાજના ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સર્વ સમાજના અગ્રણી રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી નવદંપત્તિઓને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા. તેમજ સમાજના આગેવાનો દ્વારા વધુમાં જણાવ્યું હતું કે સમૂહ લગ્ન એ એક સમાજનો આધાર સ્તંભ બની ગયો છે અને આ સમિતિએ જે સમૂહ લગ્નનું બીડું ઝડપ્યું છે. જેના હિસાબે અનેક દીકરીઓના લગ્ન હાલ એક જ માંડવે બૌદ્ધ વિધિ દ્વારા થઈ રહ્યા છે તે આનંદની વાત છે અને સુંદર વ્યવસ્થાને લઈ સૌ આયોજકોને અને સ્વયંસેવકો સહિત તમામ કાર્યકર્તાઓ અને જૂનાગઢ મહિલા બૌદ્ધ ઉપાસિકા સંઘને અભિનંદન આપ્યા હતા.

## જીવદયા પ્રેમી દ્વારા અબડાસા તાલુકાની લાખનિયા પ્રાથમિક શાળામાં ચકલીનાં માળાનું વિતરણ કરાયું



જૂનાગઢ, તા.૨૮

જીવદયા પ્રેમી એવા પ્રવીણભાઈ ચૌહાણ કે જેઓ જૂનાગઢ-જખૌ બંદરમાં કંડકટર તરીકે ફરજ બજાવે છે તેમના દ્વારા કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાની શ્રી લાખનિયા પ્રાથમિક શાળામાં ચકલીના માળા મોકલાવી બાળકો પ્રત્યે જીવદયા પ્રેમ જાગે તેવી ઉમદા ભાવના કેળવી. આવા જ સારા કાર્ય કરતા રહો એવી અમારા શાળા પરિવાર તરફથી પ્રવીણભાઈને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવવામાં આવી છે

(તસ્વીર : જયેશ મહેતા)

# કેશોદ ખાતે આરોગ્ય વિભાગનાં આશાવર્કર બહેનોનું આશા સંમેલન મળ્યું

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદતા.૨૮



કેન્દ્ર સરકાર અને રાજય સરકાર દ્વારા સૌ નાગરિકો ની આરોગ્યલક્ષી સેવાઓ છેવાડાના માનવીને મળી રહે તે હેતુથી કાર્યરત છે. ત્યારે કેશોદ ખાતે આરોગ્ય વિભાગ દ્વારા આશાવર્કર બહેનોનું આશા સંમેલન યોજવામાં આવ્યું હતું. આશાબહેનએ આરોગ્યની કામગીરી માટે સેતુરૂપ છે. તેઓ ગ્રામ્ય અને શહેરી કક્ષાએ લોકોને આરોગ્યની સુવિધાઓ સુધી પહોંચાડે છે. આ આશા બહેનોની કામગીરીને બિરદાવવા માટે કેશોદ ખાતે આશા સંમેલન યોજવામાં આવ્યું હતું. કેશોદ યોજાયેલા આશા સંમેલનનો પ્રારંભ મંચસ્થ મહાનુભાવોનાં હસ્તે દિપ પ્રાગટય કરી કરવામાં આવેલ હતો. આશા બહેનોને રસિકરણ, કુટુંબ કલ્યાણ, સરકારી યોજના, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર વગેરેમાં સારી કામગીરી કરનારને પ્રશસ્તિપત્ર તેમજ ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આશા સંમેલન કાર્યક્રમમાં આશાવર્કર બહેનો દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. કેશોદ ખાતે યોજાયેલા આશા સંમેલનમાં કેશોદ પીએચસી સીએચસી અને કેશોદ તાલુકા અર્બન હેલ્થ સેન્ટર હેઠળ ફરજ બજાવતાં આશા ફેસિલેટર બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને મંચસ્થ મહાનુભાવો અને અધિકારીઓ દ્વારા કામગીરીને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

## ખંભાળિયામાં વૈષ્ણવ મહિલાઓ દ્વારા રસિયા કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૮

ખંભાળિયામાં વૈષ્ણવ મહિલાઓ દ્વારા અહીંના કોમ્યુનિટી હોલ ખાતે શનિવારે રાત્રે સાંજે રસિયા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોગ એકસપર્ટ દીપ્તિબેન પાબારી આયોજિત આ કાર્યક્રમમાં અહીંની સેવાકુંજ હવેલીના ગોસ્વામી પુ. માધવી વહુજી સાથે અન્ય વૈષ્ણવ મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા અને રાસ-રસિયાની રમઝટ બોલાવી હતી.

